RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 238* Date: 25.06.2024 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## બળવાખોર ધારાસભ્યોને હવે અમારી ચેલેન્જ છે કે તમે પાછા આવીને બતાવો.: સંજય રાઉત




મુંબઈ,તા.૨૪

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહાવિકાસ આઘાડી સરકાર પર જોખમ તોળાયેલું છે. શિવસેનાના બળવાખોર નેતા અને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી એકનાથ શિંદેએ લગભગ ૧૨ અપક્ષ અને નાના પક્ષો ઉપરાંત ૪૦થી વધુ શિવસેના વિધાયકોના સમર્થનનો દાવો કરેલો છે. આ બધા વચ્ચે સંજય રાઉતે પણ આ બળવાખોર ધારાસભ્યો પર નિશાન સાધ્યું છે. શિવસેના નેતા સંજય રાઉતે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે અમે હાર માનનારાઓમાંથી નથી. બળવાખોર ધારાસભ્યો વિશે તેમણે કહ્યું કે અમે તેમને પાછા આવવા માટેની તક આપી પરંતુ હવે સમય વીતી ગયો છે. હવે અમારી ચેલેન્જ છે કે તમે પાછા આવીને બતાવો.

સંજય રાઉતે એમ પણ કહ્યું કે અમે હાર માનનારાઓમાંથી નથી. અમે જીતીને જ રહીશું. અમારી લડાઈ રસ્તાઓ ઉપર પણ ચાલુ રહેશે. અમારે જે કરવું હતું તે કરી લીધુ. હવે રસ્તાઓ પર લડાઈ જીતીશું. અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. ઉદ્ધવ ઠાકરે જ મુખ્યમંત્રી રહેશે. તેમણે બળવો પોકારેલા ધારાસભ્યોને સંબોધીને કહ્યું કે હવે સમય હાથમાંથી નીકળી ગયો છે. અમે તમને પાછા આવવાની તક આપી હતી. અમે તૈયારી પૂરી કરી લીધી છે. અમારો તમને પડકાર છે કે તમે હવે પાછા આવીને બતાવો. રાઉતે કહ્યું હતું કે, ભલે કોઈ કાગળ પર મજબૂત હોવાનો દાવો કરે, પરંતુ આગળની પ્રક્રિયા કાયદેસર રીતે જ કરવામાં આવશે.

રાઉતે આ પડકાર કર્યાની ૫૦ મિનિટ બાદ જ એકનાથ શિંદે ગુવાહાટીથી મુંબઈ જવા માટે રવાના થઈ ગયા છે. રાઉત બપોરે ૧૨.૨૦ કલાકે એવું કહ્યું હતું કે બળવાખોરોએ અહીં આવીને પોતાની તાકાત બતાવવી જોઈએ, ત્યારબાદ શિંદે બપોરે ૧:૧૦ વાગ્યે ગુવાહાટીથી મુંબઈ જવા નીકળી ગયા હતા. સુત્રો મુજબ શિંદે મુંબઈ પહોંચીને ડેપ્યુટી સ્પીકર નરહરિ જિરવાલની સાથે મુલાકાત કરી શકે છે. શિંદે ધારાસભ્યોનાં સમર્થનવાળો લેટર પણ જિરવાલને સોંપી શકે છે. એકનાથ શિંદેએ કહ્યું- ઉદ્ધવ સરકાર જોખમમાં આવી ગઈ છે. અમારા ધારાસભ્યોને ડરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. અમને કોઈ ડરાવી શકશે નહીં અમારી પાસે શિવસેનાના ૩૯ અને અપક્ષનાં ૧૪ ધારાસભ્યો છે.એકનાથ શિંદેએ બાગી ધારાસભ્યોને કહ્યું- જે કંઈ પણ સુખ-દુઃખ છે, તે આપણાં બધાંનું એક જ છે. તે પછી ગમે તે થઈ જાય, આપણે બધાં એકજૂથ છીએ અને તે પણ આપણાં પોતાના જ છે. તે નેશનલ પાર્ટી છે. તેઓ મહાશક્તિ છે. જેમને આખા પાકિસ્તાન એટલે તમે સમજી રહ્યાં છે, ત્યાં કોણ છે. તેમને મને કહ્યું છે કે તમે જે આ નિર્ણય લીધો છે, તે ઘણો જ ઐતિહાસિક છે. તમારી પાછળ અમારી આખી શક્તિ છે. જો કયાંય કોઈ કચાશ રહી ગઈ તો અમે અનુભવા નહીં દઈએ. આ વાતનું આશ્વાસન તેમને મને આપ્યું છે.

બીજીબાજુ મહારાષ્ટ્રમાં રાજકીય ઉથલપાથલના ચોથા દિવસે ઉદ્ધવ ઠાકરેએ બળવાખોર ધારાસભ્યો સામે કાર્યવાહી શરૂ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા મુજબ એકનાથ શિંદે સાથે બળવો કરનારા લગભગ ૪૦ ધારાસભ્યોના પીએસઓ (ખાનગી સચિવ અધિકારીઓ, કમાન્ડો અને કોન્સ્ટેબલ) વિરુદ્ધ સરકાર કાર્યવાહી કરશે. આ તમામ પીએસઓએ રાજ્ય છોડતી વખતે વહીવટીતંત્ર અને ગુપ્તચર વિભાગને જાણ કરી ન હતી. તેથી તેમની સામે કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર સીએમઓએ તમામ જિલ્લા કલેક્ટરોને સંબંધિત જિલ્લાના ધારાસભ્યોના આ અધિકારીઓને કારણ જણાવો નોટિસ ફટકારવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે. શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની હાજરીમાં રાજ્યના તમામ જિલ્લા સંપર્ક પ્રમુખો અને શિવસેનાના જિલ્લાધ્યક્ષોની મહત્વની બેઠક બપોરે ૧૨ વાગે શિવસેના ભવનમાં યોજાઇ હતી જેમાં ઉદ્ધવ ઠાકરેએ વર્ચુઅલ ભાગ લીધો હતો જયારે તેમના પુત્ર અને મંત્રી આદિત્ય ઠાકરેએ શિવસેના ભવનમાં જઇને ભાગ લીધો હતો ઉદ્ધવ ઠાકરેએ તમામને પાર્ટીને મજબુત કરવાનું જણાવ્યું હતું દરમિયાન ભાજપ પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે એકનાથ શિંદે ભાજપના ઈશારા પર બળવો કરી રહ્યાં છે અને ભાજપ શાસિત રાજયમાં બળવાખોરોને લઇને પહોંચ્યા છે જો કે મુખ્યમંત્રી હમંતા બિસ્વા સરમાએ કહ્યું હતું કે ધારાસભ્યો રજા મનાવવા આવ્યા છે. અમે ઉદ્ધવ ઠાકરે જીને પણ કહીશું કે તમે પણ ફરવા માટે આસામ આવો. જો ધારાસભ્યો હોટલ બુક કરાવે તો હું તેમને રોકી ન શકું. અમે જયારે રાજયના પર્યટનનો વિકાસ કરવા માંગીએ છીએ ત્યારે કોઇ મહેમાનને કેવી રીતે કહી શકીએ કે તમે પાછા જાવ. આસામમાં પુર આવ્યું છે તે સાચુ છે પરંતુ પુર આવ્યું હોય તો હું રાજયની તમામ હોટલો કે રિસોર્ટ કેવી રીતે બંધ કરાવી શકું

## અગ્નિપથ સ્કીમનાં વિરોધની વચ્ચે એરફોર્સમાં આજથી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવી

નવીદિલ્હી,તા.૨૪

અગ્નિપથ પરના વિરોધ વચ્ચે, આ યોજના પ્રમાણે સેનામાં ભરતી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આજથી એરફોર્સમાં પસંદગી પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે. ભારતીય વાયુસેના દ્વારા પહેલાથી જ કહેવામાં આવ્યું હતું કે ૨૪ જૂનથી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. યુવાનો આજથી અગ્નિપથ હેઠળ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ સમગ્ર પ્રક્રિયા ૫ જુલાઈ સુધી ચાલુ રહેશે. આ પછી ઓનલાઈન પરીક્ષા લેવામાં આવશે અને ત્યારબાદ પસંદ કરાયેલા ઉમેદવારોને અગ્નિવીર તરીકે એરફોર્સમાં કામ કરવાની તક મળશે. ભારતીય વાયુસેના અનુસાર, જેઓ અગ્નિપથ યોજના હેઠળ નોંધણી કરાવશે તેમની ૨૪ જુલાઈથી ૩૧ જુલાઈ સુધી ઓનલાઈન પરીક્ષા થશે. આ પછી ૨૧ ઓગસ્ટથી ૨૮ ઓગસ્ટ સુધી શારીરિક ફિટનેસ ટેસ્ટ થશે. ૨૯ ઓગસ્ટથી ૮ નવેમ્બર દરમિયાન મેડિકલ તપાસ થશે. આ તમામ પરીક્ષાઓ પાસ કરનાર ઉમેદવારોની યાદી ૧લી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ જારી કરવામાં આવશે. આ સાથે તેમની ટ્રેનિંગ પણ ૩૦ ડિસેમ્બરથી શરૂ થશે.

કોરોનાના કારણે ત્રણેય સેનામાં ભરતી પ્રક્રિયા છેલ્લા બે વર્ષથી અટકી હતી. જે બાદ સરકાર અને સેના દ્વારા અગ્નિપથ યોજના શરૂ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ભરતી થયેલા ૭૫ ટકા સૈનિકોએ ચાર વર્ષ પછી નિવૃત્ત થવું પડશે. માત્ર ચાર વર્ષ માટે સેનામાં પસંદગીને લઈને દેશભરમાં આ યોજનાનો વિરોધ થઈ રહ્યો છે. તમામ રાજ્યોમાં વિદ્યાર્થીઓ આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તે જ સમયે, રાજકીય પક્ષો પણ સરકારની યોજનાનો સતત વિરોધ કરી રહ્યા છે. જો કે, સેના દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ યોજના પાછી ખેંચવામાં આવશે નહીં અને આ હેઠળ વધુ ભરતી કરવામાં આવશે.

ભારતીય વાયુસેના દ્વારા કહેવામાં આવ્યું છે કે અગ્નિવીરોને નિયમિત સૈનિકોની જેમ જ ભથ્થું મળશે. તમામ અગ્નિવીરોને વર્ષમાં ૩૦ દિવસની રજા મળશે. દરેક અગ્નિવીરને ૪૮ લાખનું વીમા કવચ મળશે. આ ઉપરાંત ફરજ દરમિયાન વીરગતિ થનાર અગ્નિવીરના પરિવારને લગભગ એક કરોડની સહાય આપવામાં આવશે. અગ્નિવીરોને કેન્ટીનની સુવિધા આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ સાથે ચાર વર્ષ પછી નિવૃત્ત થનારા અગ્નિવીરોને ઘણી સરકારી સેવાઓમાં આરક્ષણ અને પસંદગી આપવાનું પણ કહેવામાં આવ્યું છે.

## ભારત-નેપાળ બોર્ડર પર નેપાળે ભારતની પાંચ હેક્ટર જમીન પર અતિક્રમણ કર્યું

દહેરાદુન,તા.૨૪

ઉત્તરાખંડના ચંપાવતમાં ભારત-નેપાળ બોર્ડર પર નેપાળે ભારતની પાંચ હેક્ટર જમીન પર અતિક્રમણ કર્યું છે. સશસ્ત્ર સીમા બળના એક અધિકારીએ આ જાણાકારી આપતાં કહ્યું કે બળે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આ સંબંધમાં રિપોર્ટ મોકલ્યો છે. તો બીજી તરફ વન વિભાગે પણ નેપાળના અતિક્રમણને લઈને રિપોર્ટ મોકલ્યો છે. વન વિભાગના અનુસાર ગત ત્રણ દાયકાથી આ જમીન પર કરવામાદ્દ આવેલા અતિક્રમણ હેઠળ પાક્કા નિર્માણ સાથે સાથે અસ્થાયી ઝૂંપડીઓ અને દુકાનો પણ બનાવી લેવામાં આવી છે.

સીમા સશસ્ત્ર બળના આસિસ્ટન્ટ કમાંડેંટ અભિનવ તોમરે ભારતની ભૂમિ પર નેપાળને લઈને કહ્યું કે આ તાજેતરમાં જ કરવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે નેપાળના અતિક્રમણનો રિપોર્ટ ઉચ્ચ સ્તર પર મોકલવામાં આવ્યો છે. હવે સર્વે ઓફ ઈન્ડીયા અને સર્વે ઓફ નેપાળની ટીમોમાં જ સર્વે કરી વસ્તુસ્થિતિ નષ્ટ કરશે.

બીજી તરફ વન વિભાગના અનુસાર જિલ્લાની ટનકપુર શારદા રેંજને અડીને આવેલી ભારત-નેપાળના શારદા ટાપૂ સહિત બ્રહ્મદેવમાં ઘણી જગ્યાઓ પર નેપાળ તરફથી ૩૦ વર્ષોથી અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે. ટનકપુરના રેંજર મહેશ બિષ્ટે જણાવ્યું કે સીમાને અડીને આવેલ વન ક્ષેત્રમાં લગભગ ૫ હેક્ટર જમીન પર નેપાળનું અતિક્રમણ છે. બિષ્ટે જણાવ્યું કે અતિક્રમણવાળી જગ્યા પર નેપાળના પાકા મકાનોની સાથે અસ્થાયી ઝૂંપડીઓ અને દુકાનો બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે વન વિભાગે પણ પોતાના સ્તરથી દબાણનો રિપોર્ટ ઉત્તરાખંડ શાસન અને ભારત સરકારના ગૃહ મંત્રાલયને મોકલવામાં આવ્યો છે.

## ગુજરાતના ૨૦૦૨ રમખાણો મુદ્દે જાકીયા જાફરીએ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવીદિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટ દ્વારા જાકીયા જાફરીની અરજી આખરે ફગાવી દેવામાં આવી હતી. પૂર્વ કોંગ્રેસી નેતા અહેસાન જાફરીના પત્ની જાકીયા જાફરી સીટ અને તત્કાલીન મુખ્યમંત્રી સહિત અનેક લોકોની આ તોફાનોમાં સંડોવણી હોવાની અને સીટ દ્વારા તેમને છાવરવામાં આવ્યા હોવાના મુદ્દે વર્ષોથી કોર્ટમાં લડત આપી રહ્યા હતા.

જો કે ગત્ત સુનાવણી દરમિયાન તેમણે જ પોતાના નિવેદનમાં મોટુ પરિવર્તન કરતા આખરે સુપ્રીમ કોર્ટે અરજીને ડિસમિસ કરી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સીટ દ્વારા પીએમ મોદીને અપાયેલ ક્લિનચીટને પડકારી હતી.

૨૦૦૨ ના ગુજરાતના તોફાનો દરમિયાન આ પૂર્વાયોજીત ષડયંત્ર અને કાંડ હોવાનો આરોપ લગાવનારા જાકિયા જાફરીએ સુપ્રીમ કોર્ટને અગાઉ પોતાના નિવેદનમાં મોટું પરિવર્તન કર્યું હતું. તેમણે રાજયના તત્કાલીન મુખ્યમંત્રીને કોઇ પણ સ્તરે ફસાવવાનો પ્રયાસ નહી કર્યો હોવાનો દાવો કર્યો હતો. આ ઉપરાંત તેમણે કહ્યુ કે, આ મુદ્દે તેમણે કોર્ટમાં ક્યારે રજુ પણ નથી કર્યો. ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ માં થયેલા ગોધરાકાંડ બાદ ફાટી નિકળેલા તોફાનોમાં અમદાવાદની ગુલબર્ગ સોસાયટીમાં થયેલી હિંસા દરમિયાન મૃત્યુ પામેલા કોંગ્રેસ નેતા એહસાન જાફરીની પત્ની જકિયા જાફરીએ જીૈં દ્વારા નરેન્દ્ર મોદી સહિત ૬૪ લોકોને આપેલી ક્લીન ચીટના કેસને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. અત્રે નોંધનીય છે કે, ગોધરાકાંડ સમયે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હતા.

જાકિયા જાફરી પહેલાથી જ નરેન્દ્ર મોદી સહિતના અનેક નેતાઓ વિરુદ્ધ કાયદાકીય લડાઇ લડે છે. નીચલી કોર્ટથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધી તમામ સ્તરે લડત લડ્યા બાદ આખરે હવે તેમણે પોતાનાં નિવેદનમાં મોટું પરિવર્તન કર્યું હતું. જેની અસર તેમના વકીલના નિવેદન પર પણ જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટમાં જાફરી તરફથી હાજર વરિષ્ઠ અધિવક્તા કપિલ સિબ્બલે ન્યાયમૂર્તિ એ.એમ ખાનવિલકરની અધ્યક્ષતાવાળી ત્રણ ન્યાયાધીશોની પેઠનેક હ્યું કે, તેમણે પૂર્વ મુખ્યમંત્રીની કોઇ પણ કથિત સંડોવણી અંગે ક્યારે પણ તર્ક નથી આપ્યો. અમારો પ્રયાસ તે વાત પર છે કે, કાવત્રાના અનેક મોટા મુદ્દાઓ છે તે ખાસ તપાસ દળ (સીટ) દ્વારા આ મુદ્દાઓની તપાસ પણ નથી કરવામાં આવી.

બેંચમાં જસ્ટિસ દિનેશ મહેશ્વર અને સીટી રવિકુમાર પણ હતા, જેમણે એસઆઇટી દ્વારા ઉચ્ચસ્તરીય તે લોકોની સંડોવણીના આરોપોની તપાસ કરી હતી. સામગ્રી પણ એખત્ર કરી હતી. જેના આધારે તપાસ અધિકારીએ મંતવ્યો રજુ કરતો એક અહેવાલ પણ રજુ કર્યો હતો. આ ટેપમાં તે દાવા સંબંધીત એસટઆઇટીના સમકાલીન અધિકારીક રેકોર્ડ તરફ ઈશારો કર્યો છે કે રાજયમાં કેવા પ્રકારની પ્રતિક્રિયા આપવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી અને કેવા પગલા ઉઠાવવામાં આવ્યા. જો કે સુપ્રીમ કોર્ટ અગાઉ પણ કહી ચુકી છે કે, કોઇ નક્કર પુરાવા વગર કોઇ પણ વ્યક્તિ વિરુદ્ધ આરોપ પત્ર દાખલ કરી શકાય નહી.

## ક્લાઈમેટ ચેન્જના કારણે ભારત-ચીન સહિતના વિકાસશીલ દેશો પર નાદારીનું જોખમ

નવીદિલ્હી,તા.૨૪

ક્લાઈમેટ ચેન્જના કારણે દુનિયામાં પર્યાવરણ, ખેતી પર અસર થાય છે તે એકદમ પ્રચલિત માન્યતા છે. જોકે, ક્લાઈમેટ ચેન્જ કે બાયોડાયવર્સિટીના વિનાશથી ભારત અને ચીન સહિત અનેક દેશો પર નાદારી તરફ ધકેલાવાનું જોખમ તોળાઈ રહ્યું હોવાનો એક અહેવાલમાં દાવો કરાયો છે. આ અહેવાલ મુજબ ક્લાઈમેટ ચેન્જના કારણે માત્ર વિકાસશીલ દેશો જ નહીં અમેરિકા જેવા વિકસિત દેશોની સમસ્યા પણ વધી શકે છે.

વિશ્વભરમાં બાયોડાયવર્સિટી (જૈવ વિવિધતા)ના થઈ રહેલા વિનાશને કારણે અનેક વિકાસસિલ દેશો નાદારીના આરે આવી શકે છે અને તેની અસર હેઠળ ભારત તથા ચીન જેવા વિકાસશીલ દેશોના અર્થતંત્રો મહામંદીમાં ફસાઈ શકે છે એમ ઈકોલોજિકલ વિનાશ અંગેના સોવેરિન ક્રેડિટ રેટિંગના સૌપ્રથમ રિપોર્ટમાં જણાવાયું છે.

માછીમારી, ઉષ્ણકટીબંધના વિસ્તારોમાં વન સર્જન અને વન્ય પરાગનયની આંશિક ઈકોસિસ્ટમ આંશિક રીતે પડી ભાંગવાથી માત્ર વિકાસશીલ દેશો જ નહીં અમેરિકા સહીત ૨૬ દેશોના વાર્ષિક બોરોઈંગ્સમાં ૫૩ અબજ ડોલર જેટલો વધારો થઈ શકે છે, એમ કેમ્બ્રિજ યુનિવર્સિટીના શિક્ષકોની એક ટીમ દ્વારા તૈયાર કરાયેલા રિપોર્ટમાં નોંધાયું છે.

કલાયમેટ ચેન્જને કારણે સરકારી નાણાં સ્થિતિ કેવી રીતે બદલાશે તેના પર રિપોર્ટમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. ચીનના ક્રેડિટ રેટિંગમાં ૬ પોઈન્ટનો ઘટાડો થશે અને સરકારે ચૂકવવાના આવતા વાર્ષિક વ્યાજમાં ૧૮ અબજ ડોલરનો વધારો થશે અને ચીનના કોર્પોરેટ ક્ષેત્રના દેવામાં વીસથી ત્રીસ અબજ ડોલરનો વધારો થશે.

મલેશિયામાં ૭ પોઈન્ટ જેટલો ઘટાડો થશે અને તેના માથે દર વર્ષે વ્યાજ ચૂકવણીનો ૨.૬૦ અબજ ડોલરના બોજ વધશે. કલાયમેન્ટ ચેન્જની દરેક દેશો પર કેવી આર્થિક અસર પડશે તેનો અંદાજ મેળવવા વર્લ્ડ બેક્કના આંકડાનો ઉપયોગ કરાયો હતો. વર્લ્ડ બેક્કના અંદાજ પ્રમાણે, જીડીપીનું નુકસાન પચાસ ટકા દેશોમાં ૨૦૨૦માં કોરોનાના કાળમાં થયેલા નુકસાન કરતા પણ વધુ હશે. આ સ્થિતિમાં અનેક વિકાસસિલ દેશો સામે સાર્વભોમ દેવામાં ડીફોલ્ટનું જોખમ રહેલું છે. ૬૬ ટ્રિલિયન ડોલર સાથેના સાર્વભોમ દેવા સાથેના દેશોની વિશ્વસ્નિયતાનો પણ રિપોર્ટ તૈયાર કરનાર અર્થશાસ્ત્રીઓએ અભ્યાસ કર્યો હતો. સાર્વભોમ જોખમમાં વધારાનો અર્થ બજાર જોખમ સામે વધુ સલામતિ માગશે આનો અર્થ સરકાર અથવા તો કરદાતાઓએ છેવટે નાણાં મેળવવા વધુ ચૂકવણી કરવાના આવશે. કામકાજ જયાં ડીગ્રેડેશન હાલના પ્રમાણે જ જળવાઈ રહેશે તેવું ધારી લઈએ તો પણ ચીન અને ઈન્ડોનેશિયાના સાર્વભોમ ક્રેડિટ રેટિંગમાં ૨૦૩૦ સુધીમાં બે પોઈન્ટનો ઘટાડો જોવા મળશે. ભારત તથા બંગલાદેશ માટે આ સ્તર એક પોઈન્ટ જેટલું હશે. કલાયમેટ ચેન્જનું સૌથી વધુ જોખમ દક્ષિણ એશિયા સામે રહેલું છે. એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે તાજેતરમાં જણાવ્યું હતું કે, યુરોપની સરખામણીએ દક્ષિણ એશિયાનું ૧૦ ગણું વધુ આર્થિક ઉત્પાદન જોખમ હેઠળ છે, એમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.બાયોડાયવર્સિટીના નુકસાનથી વિકાસશીલ દેશો પરના ભય અંગે કેમ્બ્રિજ યુનિવર્સિટીનું તારણ છે કે ક્લાઈમેટ ચેન્જનું સૌથી મોટું જોખમ દક્ષિણ એશિયાના દેશો પર રહેશે, ભારતના ક્રેડિટ રેટિંગમાં ૧ પોઈન્ટનો ઘટાડો થશે.

## કોરોનાના કેસમાં ભારે ઉછાળ,એક જ દિવસમાં નવા ૧૭ હજારથી વધુ કેસ,૩૮ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૪

દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઇ રહ્યો છે જે ચિંતાનક બાબાત છે, કોરોનાએ રફતાર પકડી છે, હાલમાં કોરોનાના કેસમાં ભારે ઉછાળો જોવા મળી રહ્યો છે. ભારતમાં પણ કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોવિડ-૧૯ના ૧૭,૩૩૬ નવા કેસ નોંધાયા છે. કોરોનાના સક્રિય કેસની સંખ્યા વધીને ૮૮,૨૮૪ થઈ ગઈ છે. આ પહેલા ગુરુવારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૧૩,૩૧૩ નવા કેસ નોંધાયા હતા. ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૩૮ લોકોના મોત થયા છે.

ઉલ્લેખનીય છે કે કોરોનાના કેસમાં સતત વધારો થઇ રહ્યો છે જેના લીધે સરકાર સતર્ક બની છે અને અગમચેતી પગલાં લઇ રહી છે. કોરોનાની રસી લેવા માટે અનેક જાહેર સ્થળો પર વ્યવસ્થા કરાવી છે. જે પ્રમાણે કોરોનાના કેસ વધી રહ્યા છે તેના માટે ફરી માસ્ક પહેરવાની જરૂરિયાત ઉભી થઇ છે,સરકારે આ મામલે નિર્દેશ પણ આપ્યા છે.

**તંત્રી સ્થાનેથી...**

# મહારાષ્ટ્રમાં ગૂંચવાયેલું રાજકીય કોકડું

હાલમાં મહારાષ્ટ્રનું રાજકીય સંકટ કબીરનો એક દોહો યાદ અપાવે છે - સંસારી સી પ્રીતડી, સરૈ ન એકો કામ, દુવિધા મેં દોનોં ગયે, માયા મિલી ન રામ. અત્યારે મહારાષ્ટ્રના સૌથી મોટા રાજકીય ચહેરા શિવસેનાના અધ્યક્ષ, રાજ્યના સીએમ ઉદ્ધવ ઠાકરેની નિયતિ કંઈક આવી જ થઈ ગઈ છે. હાલત એવી છે કે ક્યારેક ભાજપને નીચી દેખાડવા માટે શિવસેનાને 'સેક્યુલર શિવસેના' બનાવવાની તેમની રણનીતિનાં ઘાતક પરિણામ દેખાઈ રહ્યાં છે. તેમની સરકાર તો ખતરામાં છે જ, તેમના પિતા હિંદુ હૃદય સમ્રાટ બાલા સાહેબ ઠાકરેના વારસાને પણ તેઓ બચાવી શકશે કે કેમ તેમાં શંકા છે. તેમણે પોતાના ધારાસભ્યો તો ગુમાવ્યા જ, પોતાના સમર્પિત કાર્યકર્તા પણ ગુમાવી રહ્યા છે.

રાજકીય ટીકાકારો એ વાતે હેરાન છે કે શિવસેનામાં અત્યાર સુધીનો સૌથી મોટો બળવો થયો છે પરંતુ શિવસેના કાર્યકરો ચૂપ છે! શિવસૈનિકોનો આવો સ્વભાવ ક્યારેય જોવા નથી મળ્યો, જેવો અત્યારે જોવા મળી રહ્યો છે. સામાન્ય શિવસૈનિકો સડક પર આવીને એકનાથ શિંદેનો વિરોધ કરવાને બદલે ટીવી પર રાજકીય ઘટનાક્રમ જોઈ રહ્યા છે! યાદ કરો, ૧૯૯૧માં જ્યારે છગન ભુજબળે બાલ ઠાકરે વિરુદ્ઘ વિરોધનું બ્યૂગલ બજાવ્યું હતું અને કોંગ્રેસમાં જવાનો નિર્ણય કર્યો હતો ત્યારે શિવસૈનિકોએ તેમના ઘર પર હુમલો કરી દીધો હતો. ભુજબળને ખેદાન-મેદાન કરી નાખ્યું હતું અને એમના પર હુમલો પણ કર્યો હતો. એ જ રીતે ૨૦૦૫માં જ્યારે નારાયણ રાણેએ બળવો કર્યો તો શિવસેના કાર્યકર્તાઓ તેમના વિરુદ્ઘ પણ સડક પર ઉતર્યા હતા. ત્યાં સુધી કે શક્તિશાળી નેતા કહેવાતા રાજ ઠાકરેએ જ્યારે શિવશેના છોડી ત્યારે શિવસૈનિકોએ તેમના વિરુદ્ઘ પણ મોરચો ખોલી દીધો હતો. રાજ ઠાકરેએ ત્યારે ભૂમિગત થવું પડ્યું હતું. પરંતુ એકનાથ શિંદે વિરુદ્ઘ શિવસેના નેતા તો દૂર, શિવસૈનિકો પણ કોઈ નિવેદન નથી આપતા અને ના આંદોલન થઈ રહ્યું છે.

અસલમાં કહેવાઈ રહ્યું છે કે ઉદ્ઘવ મુખ્યમંત્રી બન્યા બાદ શિવસેનાની કોંકણ લોબીએ ઠાકરે પરિવારની ચારેબાજુ ઘેરો બનાવી દીધો. શિવસેનાના કોઈ નેતા તેમને મળી નહોતા શકતા. ત્યાં સુધી કે એકનાથ શિંદેને પણ સાઈડલાઈન કરી દેવાયા હતા. જોકે કાર્યકર્તાઓનું સડક પર ન ઉતરવું જો એક સંકેત તરફ ઈશારો કરે છે કે ઉદ્ઘવ ઠાકરે દ્વારા ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદ ભાજપનો સાથ છોડી એનસીપી અને કોંગ્રેસ સાથે ગઠબંધન કરવું શિવસૈનિકોને ગમ્યું ન હોતું. તેનાથી પણ મોટી વાત મુખ્યમંત્રી તરીકે અઢી વર્ષના કાર્યકાળમાં ઉદ્ઘવે જે કંઈ કર્યું તેનાથી પણ કાર્યકર્તાઓ ખુશ ન હતા. કહેવાય છે કે ઉદ્ઘવ ઠાકરે મંત્રાલય જતા જ નહીં અને સત્તાનું કેન્દ્ર રહેનાર વર્ષા બંગલો તેમના કાર્યકાળમાં સૂનો રહેતો હતો. ટૂંકમાં ઉદ્ઘવ ઠાકરેની ઉદાસીનતાથી શિવસેના કાર્યકર્તાઓ પણ ઉદાસીન થઈ ગયા. તેમને લાગતું હતું કે બાલ ઠાકરેએ જે છોડને સીંચીને વટવૃક્ષ બનાવ્યો હતો, તેને ઉદ્ઘવ ઠાકરે કરમાવી રહ્યા છે. ત્યારબાદ શિવસેનામાં બળવાના સૂ મહારાષ્ટ્રમાં ૧૯૮૭માં શિવસેના-ભાજપ ગઠબંધનમાં શિવસેના હંમેશાં મોટાભાઈની ભૂમિકામાં રહી, પરંતુ ૨૦૧૪માં ભાજપ સાથે ચૂટંણી તાલમેલ ન થવાથી તેના ધારાસભ્યોની સંખ્યા ઘટી ગઈ. ભાજપના નાના ભાઈ બનવું ઉદ્ઘવને મંજૂર ન હતું. છતાં ચૂંટણી બાદ બનેલા ભગવા ગઠબંધનમાં ધારાસભ્યોનો સંભવિત બળવો રોકવા માટે તેમણે ન ઈચ્છવા છતાં પણ નાના ભાઈની ભૂમિકામાં આવવું પડ્યું. તેનાથી ઉદ્ઘવના ઘમંડને જબરદસ્ત આઘાત લાગ્યો. તેને તે ભૂલી ન શક્યા. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં જ્યારે ભાજપની સીટો ૧૨૨થી ઘટીને ૧૦૬ થયા બાદ તેમને અપમાનનો બદલો લેવાનો મોકો મળી ગયો. ભાજપ-શિવસેના ગઠબંધને દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં ચૂંટણી લડી હતી, તેમ છતાં તેમણે ભાજપ સામે અઢી-અઢી વર્ષના મુખ્યમંત્રી કાળની શરત રાખી દીધી. દેવેન્દ્ર ફડણવીસને ફરીથી પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી બનાવવાની જાહેરાત કરી ચૂકેલી ભાજપે તેમની વાત નામંજૂર કરી દીધી અને ગઠબંધન તૂટી ગયું. ત્યારબાદ ભાજપને પાઠ ભણાવવાના ચક્કરમાં ઉદ્ઘવ ઠાકરે મરાઠા નેતા શરદ પવારના ચક્રવ્યૂહમાં ફસાઈ ગયા અને કોંગ્રેસ તથા એનસીપી સાથે મહાવિકાસ અઘાડીનું ગઠન કરીને રાજ્યમાં સરકાર બનાવી અને પોતે મુખ્યમંત્રી બની ગયા.

### બે દાયકાના પરિશ્રમ બાદ એક આખી શિક્ષિત પેઢીના નિર્માણ તરફ ડાંગ જિલ્લાની આગેકૂચ

# સો ટકા નામાંકન, ઝીરો ડ્રોપ આઉટ, અને ઉચ્ચ શિક્ષણની ઉત્કૃષ્ટ સુવિધાએ નવી પેઢીમા શિક્ષણની ભૂખ જગાવી

આહવાઃ તાઃ ૨૪ઃ

સો ટકા નામાંકન, ઝીરો ડ્રોપ આઉટ રેશિયો, અને પ્રાથમીકથી લઈને ઉચ્ચ શિક્ષણ માટેની ગુણવત્તાયુક્ત સુવિધાને કારણે, ડાંગ જેવા છેવાડાના પ્રદેશની નવી પેઢીમા શિક્ષણની ભૂખ જાગી છે.

રાજ્ય અને કેન્દ્ર સરકારની દીઘર્દ્રષ્ટિ અને દ્રઢ ઈચ્છાશક્તિ સાથે સ્થાનિક પ્રશાસન, અને જનપ્રતિનિધીના પરિશ્રમનો કારણે આજે ડાંગના ઘરે ઘર સુધી સાચા અર્થમા શિક્ષણની જ્યોત પ્રજ્વલિત થઈ ચૂકી છે.

શિક્ષિત પેઢીના નિર્માણ માટે સતત ચિંતિત અને પ્રયાસરત રાજ્ય અને કેન્દ્ર સરકાર, પ્રાથમિક શિક્ષણ મેળવવાપાત્ર ૬ થી ૧૪ વર્ષની વય જુથના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણની સુવિધા સરળતાથી ઉપલબ્ધ થાય, અને એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે, શાળામા દાખલ થવા પાત્ર તમામ બાળકો શાળામા દાખલ થાય, તેમનુ સ્થાયીકરણ થાય, અને તેઓ ગુણવતાલક્ષી શિક્ષણ પ્રાપ્ત કરે, તેવી સરકારની નેમ, અહીં સૌના સહિયારા પ્રયાસોથી પુરી થઈ રહી છે.

રાજ્યભરમા જ્યારે 'શાળા પ્રવેશોત્સવ' યોજાઈ રહ્યો છે ત્યારે, ડાંગ જિલ્લામા શિક્ષણ ક્ષેત્રે થયેલી નોંધપાત્ર પ્રગતિનો ચિતાર મેળવવો, પ્રાસંગીક લેખાશે.



વર્ષ ૨૦૨૧-૨૨મા 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' તા.૨૩ થી ૨૫ જૂન ૨૦૨૨ દરમિયાન યોજાઈ રહ્યો છે. જેમા ધોરણ-૧મા પ્રવેશ મેળવતા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે, આ ત્રણ દિવસો દરમિયાન રાજ્ય અને જિલ્લા કક્ષાના પદાધિકારીશ્રીઓ, સહિત ઉચ્ચ, વરિષ્ઠ અધિકારીઓ દરરોજ સરેરાશ ત્રણ શાળાઓની જાત મુલાકાત લઈ રહ્યા છે.

ડાંગ જિલ્લામા આ વર્ષે ધોરણ-૧મા ૨૮૩૯ કુમાર, અને ૨૬૨૭ કન્યા મળી કુલ-૫૪૬૬ બાળકોને શાળા પ્રવેશ આપવામા આવી રહ્યો છે. આ ઉપરાંત ત્રણ વર્ષની વય પૂર્ણ કરનારા કુલ ૧૨૫૫ ભૂલકાંઓને પણ, જિલ્લાની ૪૪૧ આંગણવાડીઓમા પ્રવેશ અપાઈ રહ્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, જે તે વખતે રાજયના વાલીઓ પાસે, ખાસ કરીને તેમની દીકરીઓના શિક્ષણ માટેની ભિક્ષા માંગી હતી. જેના ફળ સ્વરૂપ રાજય સરકારે કન્યાઓને ૧૦૦% સાક્ષર કરવાનુ બીડુ ઝડપ્યુ હતુ. જેના ભાગરૂપે કન્યાઓને અને તેમના વાલીઓને પ્રોત્સાહિત કરવા ૫૦ % સુધીના સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોની કન્યાઓને, તેઓ ધોરણ–૧ થી ૮નુ પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે તેવા શુભ હેતુથી, વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની યોજના શરૂ કરવામા આવી હતી.

આ યોજના હેઠળ ડાંગ જિલ્લામા વર્ષ ૨૦૧૩/૧૪મા રૂ. ૨૦૦૦/–નો એક એવા, કુલ ૧૩૧૬ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાય હતા. ચાલુ વર્ષે વિધ્યાલક્ષ્મી બોન્ડના આ નાણાં, વ્યાજ સાથે કુલ રૂ.૪૯ લાખ ૩૧ હજાર અને બાવન થવા જાય છે, જેની ચુકવણી જિલ્લાની આ ૧૩૧૬ કન્યાઓને થઈ રહી છે. જે આપણા સૌ માટે ગૌરવની વાત છે.

N.A.S. : નેશનલ અચીવમેંટ સર્વે – ૨૦૨૧મા રાજયભરમા ડાંગ જિલ્લો ધોરણ-૩મા ૬૮.૦૪ % સાથે ત્રીજા ક્રમે, ધોરણ-૫મા ૫૮.૮૫ % સાથે ચોથા ક્રમે, અને ધોરણ-૮મા ૪૦.૦૮ % સાથે ઓગણત્રીસ ક્રમેં રહ્યો છે. જે શિક્ષણ ક્ષેત્રે ડાંગ જિલ્લાની પ્રગતિનુ સૂચક છે.

ગુણોત્સવ-૨.૦ મા જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા નિયુક્ત સ્કૂલ ઈન્સ્પેકટર દ્વારા, શાળા મૂલ્યાંકન કરવામા આવતુ હોય છે. જેમા પણ જિલ્લાની શાળાઓનો ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો છે. વર્ષ-૨૦૨૦-૨૧મા A Grade મા ૧ શાળા , A Grade મા ૧૧, B Grade મા ૨૩૫, C Grade મા ૧૩૪, અને D Grade મા ૧ શાળા હતી. જે વર્ષ ૨૦૨૧-૨૨મા A Grade મા ૫ શાળા , A Grade મા ૨૮, B Grade મા ૨૬૮, C Grade મા ૯૧, અને D Grade મા ૧ શાળા રહેવા પામી છે. જે બે વર્ષની તુલના કરતા ડાંગ જિલ્લાની શાળાઓમા ગુણાત્મક સુધારો સૂચવે છે.

ડાંગ જિલ્લો ચાલુ વર્ષે ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)મા આખા રાજયમા ૯૫.૪૧ % સાથે પ્રથમ ક્રમે, તથા ધોરણ-૧૦ મા છઠા ક્રમે રહ્યો છે. જે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમા ડાંગ જિલ્લાની પ્રગતિ સૂચવે છે.

છેલ્લા ૨ વર્ષમા કોરોનાની મહામારી દરમિયાન, શાળાઓમા પ્રત્યક્ષ શિક્ષણ બંધ હતુ. માત્ર ઓનલાઈન શિક્ષણ જ ચાલી રહ્યુ હતુ. પરંતુ ડાંગ જિલ્લાની તમામ શાળાઓમા ઓનલાઈન શિક્ષણ શક્ય ન હોઈ તેવા સંજોગોમા ડાંગ જિલ્લામા તમામ શાળાઓમા, કોવિડની ગાઈડલાઈન ધ્યાને રાખી તમામ શિક્ષકોએ, જિલ્લાના અલાયદા એક્શન પ્લાન મુજબ 'ઓટલા શિક્ષણ' દ્વારા તમામ બાળકોને શિક્ષણ આપવાનુ ભગીરથ કાર્ય કર્યુ હતુ.

ડાંગ જિલ્લામા સરકારશ્રી ધ્વારા શરૂ કરાયેલી કે.જી.બી.વી. (કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલય) મા ૩ તાલુકાઓમા ડ્રોપ આઉટ, સિંગલ પેરેન્ટ, અને અનાથ એવી ૪૦૦ બાળાઓ, ધો.૬ થી ૧૨મા નિવાસી છાત્રા તરીકે અભ્યાસ કરી રહી છે. જિલ્લામા, જિલ્લા પંચાયત સંચાલિત ૧૧ કુમાર છાત્રાલયોમા કુલ ૬૯૦ કુમારો, અને ૩ કન્યા છાત્રાલયોમા કુલ ૧૫૦ કન્યાઓને પ્રવેશ અપાયો છે.

સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળાથી દુર અંતરે રહેતા બાળકો માટે ટ્રાન્સપોર્ટની સુવિધા સાથે બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો લાભ આપવામા આવી રહ્યો છે.

ડાંગ જિલ્લાનો ડ્રોપ આઉટ રેશીયો સને ૨૦૦૨–૦૩ના વર્ષમા ૧૪.૦૫ % હતો. તે ક્રમશઃ ઘટીને સને ૨૦૨૦–૨૧ના વર્ષમા ધો.૧ થી ૫નો ૦.૯૧ % જયારે ધો.૧ થી ૮ નો ૨.૧૨ % સુધી નીચે લાવી શકાયો છે.

આ તમામ બાબતો ડાંગ જિલ્લાની શાળાઓ અને શિક્ષણ ક્ષેત્રે આવેલા ગુણાત્મક પરિવર્તન દર્શાવી રહ્યો છે.

શિક્ષણ ક્ષેત્રની આ બદલાયેલી તાસીર, અને તસ્વીર કઈ એક દિવસે થયેલુ જાદુઈ પરિવર્તન નથી. પાછલા બે બે દાયકાના સહિયારા પરિશ્રમના પ્રસ્વેદની પરાકાષ્ઠાએ સર્જેલુ પરિવર્તન છે. વંદન એવા પરિવર્તનના પાયાના શિલ્પીઓને. વંદન શિક્ષણને. વંદન ગુજરાતને.

નરેન્દ્ર પવાર,ડાંગ જિલ્લા બ્યુરો

## કેન્દ્રે દિલ્હીમાં ૫૩ મંદિરો તોડવા માટે દિલ્હી સરકારને પત્ર લખ્યો છે : આપ

નવીદિલ્હી,તા.૨૪

આમ આદમી પાર્ટીના નેતા અને રાજયસભાના સભ્ય સંજયસિંહે આરોપ લગાવ્યો છે કે ભાજપે દિલ્હીમાં ૫૩ મંદિર તોડવાની યોજના બનાવી છે.ભાજપના લોકો દેશભરમાં ધર્મના નામ પર નાટક કરે છે અને દિલ્હીમાં ૫૩ મંદિરોને તોડવાની મંજુરી માટે કેન્દ્ર સરકારે દિલ્હી સરકારને પત્ર મોકલ્યો છે.સંજય સિંહે પાર્ટી કાર્યાલય ખાતે જણાવ્યું હતું કે દિલ્હીમાં એક બે નહી પરંતુ ૫૩ મંદિર તોડવાની યોજના છે ભાજપની કેન્દ્ર સરકાર દિલ્હીમાં ૫૩ મંદિર તોડવા જઈ રહી છે.ભાજપે સામે આવી તેનો જવાબ આપવો પડશે કે શું આજ તમારો અસલી ચહેરો છે.કેન્દ્ર સરકારે દિલ્હી સરકારને પત્રમાં લખ્યું છે કે ધાર્મિક સમિતિથી અમને મંજુરી જોઈએ છે.

## કોરોનાની રસીએ ૪૨ લાખથી વધુ ભારતીયોના જીવ બચાવ્યા

નવીદિલ્હી,તા.૨૪

કોરોના રોગચાળાને રોકવા માટે બનાવવામાં આવેલી રસી ભારતની સાથે અન્ય દેશો માટે પણ જીવનરક્ષક સાબિત થઈ છે. જ્યારે આ રસીએ ભારતમાં ૪૨ લાખથી વધુ લોકોના જીવન બચાવ્યા છે, ત્યારે આખી દુનિયામાં ૨ કરોડથી વધુ લોકોને મોતને ભેટતા અટકાવ્યા છે. લેન્સેટ સ્ટડી જર્નલના ડિસેમ્બર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૧ સુધીના ડેટામાં આ વાત સામે આવી છે. સંશોધકોએ કહ્યું કે વિશ્વમાં કોરોનાથી ૩.૧૪ કરોડ મૃત્યુનો અંદાજ હતો, પરંતુ રસીકરણને કારણે ૧.૯૮ કરોડ લોકોના જીવ બચી ગયા.

અભ્યાસનો અંદાજ છે કે જો ૨૦૨૧ નાઅંત સુધીમાં દરેક દેશમાં ૪૦ ટકા વસ્તીને બે કે તેથી વધુ ડોઝ સાથે રસી આપવાનો વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો લક્ષ્યાંક પૂરો થઈ ગયો હોય તો અન્ય ૫,૯૯,૩૦૦ લોકોના જીવ બચાવી શકાયા હોત.

સ્ટડીના મુખ્ય લેખક ઓલિવર વોટસને જણાવ્યું હતું કે ભારત માટે, અમારું અનુમાન છે કે આ સમયગાળા દરમિયાન રસીકરણ દ્વારા ૪૨ લાખ મિલિયનથી વધુ મૃત્યુ અટકાવવામાં આવ્યા હતા. આ મોડેલિંગ સ્ટડી દર્શાવે છે કે, ભારતમાં રસીકરણ અભિયાનોએ લાખો જીવન બચાવ્યા છે. આ રસીકરણની નોંધપાત્ર અસરને પ્રતિબિંબિત કરે છે, ખાસ કરીને ભારતમાં, જે ડેલ્ટા વેરિઅન્ટની અસરોનો અનુભવ કરનાર પ્રથમ દેશ હતો.

લેન્સેટ સ્ટડીના અભ્યાસ મુજબ ભારતમાં કોરોના રોગચાળા દરમિયાન ૫૧ લાખથી વધુ લોકોના મોતનો અંદાજ હતો, પરંતુ કોરોના રસીકરણને કારણે લાખો લોકોના જીવ બચી ગયા હતા. તમને જણાવી દઈએ કે મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં ભારતમાં ૫,૨૪,૯૪૧ મૃત્યુ નોંધાયા છે. એટલે કે, રસીકરણ ખૂબ અસરકારક સાબિત થયું જેથી ૧૦ ગણા ઓછા લોકો મૃત્યુ પામ્યા.

## શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ૫૦૦૦ કરોડથી વધુ દાન એકત્રિત થયું

અયોધ્યા,તા.૨૪

અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ઝડપથી ચાલી રહ્યું છે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની માનવામાં આવે તો જાન્યુઆરી ૨૦૨૪માં રામલલા પોતાના ભવ્ય અને દિવ્ય મંદિરમાં વિરાજમાન થઈ જશે.રામ મંદિર માટે દરેક ભકત પોતાના સપના પુરા થતા જોતા દિલ ખોલીને સહયોગ આપી રહ્યાં છે તેમાં રોકડ રૂપિયાથી લઈ સોનુ ચાંદી પથ્થર અને અનેક પ્રહારનો સહયોગ સામેલ છે.

રામ મંદિર માટે રામ ભકતોએ દિલ ખોલી દીધુ છે મંદિર નિર્માણ માટે ૧૫ જાન્યુઆરીથી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૧ સુધી સમર્પણ નિધિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું આ સમર્પણ નિધિ અભિયાન એટલું મોટું હતું કે તેમાં ૯,૦૦,૦૦૦ કાર્યકર્તાઓએ ૧૭૫ હજાર ટીમ બનાવી ઘેરઘેર જઈ ૧૦ કરોડ પરિવારોનો સંપર્ક કર્યો હતો.સુત્રોનું માનવામાં આવે તો અત્યાર સુધી શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ૫૦૦૦ કરોડથી વધુ રૂપિયા સમર્પણ થઈ ચુકયા છે.મંદિર નિર્માણ પર થઈ રહેલ ખર્ચ બાદ પણ ૩૫૦૦ કરોડથી વધુ રકમ શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના બેક ખાતાઓમાં જમા છે.

મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી કામેશ્વર ચૌપાલે કહ્યું કે હજુ ખુબ એવા સમર્પણ નિધિ કેન્દ્ર છે જેના ડેટા ટ્રસ્ટની પપાસે પહોંચ્યા નથી આવા સમર્પણ કેન્દ્રોની સંખ્યા ૩૫થી વધુ છે.જો કે આમ છતાં ૩૫૦૦ કરોડની રકમ ટ્રસ્ટના ખાતામાં જમા થઈ ચુકી છે.દરમિયાન મંજિર તીર્થ ક્ષેત્રના કોષાધ્યક્ષ ગોવિંદ દેવ ગિરી પણ આટલી જ રકમ ટ્રસ્ટના ખાતામાં જમા થવાની વાત કહે છે.તેમણે કહ્યું કે મંદિર નિર્માણ માટે રામ ભકતો રોકડ રકમની સાથે ચેક અને સોના ચાદીનું પણ દાન આપવાનું શરૂ કરી દીધું છે તેમણે કહ્યું કે લગભદ ચાર કુંતલ ચાંદી અને સોનુ રામ ભકતોએ દાન કર્યું છે.

## આધુનિક શિક્ષણ વ્યવસ્થાના રણમાં મીઠી વીરડી

શિક્ષણ શિક્ષાકે કેળવણી જેવા શબ્દો આજના આધુનિકતાના જમાનામાં એજ્યુકેશન માં પરિણમી રહ્યા છે. આજે પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર હેઠળ શિક્ષણનું આધુનિકીકરણ એજ્યુકેશન તરીકે ઓળખાઈ રહ્યું છે. કીડ્સ સ્કૂલ, પ્રિસ્કૂલ, નર્સરી, કીન્ડરગાર્ટન તરફ શિક્ષણ માટે આજે જ્યારે સમાજમાં સ્વાભાવિક રીતે ઝોક વધી રહ્યો છે ત્યારે મૂલ્યવર્ધન અને કૌશલ્યવર્ધનની અલગ પરિભાષા આપતી એક સંસ્થા અમદાવાદના સુભાષબ્રીજ વિસ્તાર ખાતે કાર્યરત છે.

ગુરુકુલ સુભાષબ્રીજ એ શિક્ષણ, સંસ્કૃતિ અને કળાના સુભગ સમનવય થકી આર્યશિક્ષણ પ્રથા અને વૈદિકશિક્ષણ પ્રણાલીની જ્યોત પ્રગટાવી રહેલી સંસ્થા છે. પોતાના માત્ર પાંચ બાળકો સાથે વર્ષ ૨૦૦૩ માં શ્રી સતિષભાઈ મહેતા , કલ્યાણમિત્રો અને ખાદી ગ્રામોદ્યોગ પ્રયોગ સમિતિ દ્વારા શરૂ થયેલી સંસ્થા પોતાની આગવી શિક્ષણ પ્રણાલીના ભાગરૂપે આજે ૩૦૦ બાળકોનું વટવૃક્ષ બનીને ઊભું છે. જ્ઞાન એટલે વિદ્યા, સા વિદ્યા યા વિમુક્તયે વિદ્યા એ જ જે વિમુક્તિ તરફ લઈ જાય, એટલે કે દુર્ગુણોથી મુક્ત કરે. આધુનિક કાળમાં શિક્ષણ સહિત તમામ ક્ષેત્રે પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વર્તાઈ રહ્યો છે. વર્તમાન યુગમાં વિપરીત શિક્ષણ વ્યવસ્થાના લીધે માનવજીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ બહોળા પ્રમાણમાં પ્રભાવિત થઈ છે. આ અસરોમાંથી સમાજને બહાર લાવવાનો એકમાત્ર માર્ગ આપણા મૂળ તરફ પાછા ફરવાનો છે. આ વિચારધારા ના ભાગરૂપે ગુરુકુલમ્ ની સ્થાપના કરવામાં આવી હતી, અહીં શ્રી હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા નીતિ અને સદાચારના મૂલ્યો આધારિત શિક્ષણ અને તાલીમ પૂરી પાડે છે. અહીં વિદ્યાર્થીઓનું ચારીત્રનિર્માણ કરીને તેમને આત્માથી સ્વાભિમાની અને સ્વાશ્રયી બનાવવાના ધ્યેય સાથે આર્ય શિક્ષણ અને વૈદિક શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. અહી મૂલ્યવર્ધન અને કૌશલ્યવર્ધન તરફ વિશેષ ધ્યાન આપવામાં આવે છે ગુરુકુલમ્ ની શિક્ષણપ્રણાલીમાં ગુરુને સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરવામાં આવે છે. જેને લીધે જીવંત અને સ્થિતિસ્થાપક શિક્ષણ પદ્ધતિ અમલી બને છે. અહી બાળકોની યોગ્યતા અને રુચિ અનુસાર ૬૪-૭૨ કળાને ધ્યાનમાં લઈને ગુરુજનો દ્વારા અભ્યાસક્રમ નિર્ધારિત કરવામાં આવે છે. સવારે આઠ વાગ્યે આરંભતા વર્ગો ૭ વર્ષ સુધીના બાળકો માટે બપોરે ૧૨ વાગ્યા સુધી અને ૭ વર્ષથી મોટી ઉંમરના બાળકો માટે સાંજે ૪ વાગ્યા સુધી સંચાલિત થાય છે.

અહીઁની પરીક્ષા પદ્ધતિ પણ અનોખી છે. બાળકની યોગ્યતાનું મૂલ્યાંકન અભ્યાસની માત્રા અનુસાર નહિ પણ ગુણવત્તા અનુસાર થાય છે. ચારિત્રનિર્માણની સાથે સાથે જીવનના બધાજ દ્રષ્ટિકોણથી યોગ્યતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી જ ઉત્તીર્ણ થાય છે. અહીંનું બાળક જ્યારે બહાર આવે છે ત્યારે સામાજિક કે આધ્યાત્મિક જીવનમાં પોતાના સર્વાંગી વિકાસથી બધા લક્ષ્યો સર કરવા સક્ષમ બને છે. બાળક સજ્જન અને સંસ્કારી બને છે, તેનામાં ગુણવિકાસ થાય છે. જે સમાજ અને રાષ્ટ્રના સુયોગ્ય નિર્માણ માટે મહત્વનો ભાગ ભજવે છે.

સવારે ૭ વાગ્યે પ્રાર્થના થી દૈનિક શિક્ષણકાર્ય નો શુભારંભ થાય છે. એક વર્ગખંડમાં મહત્તમ ૧૨ થી ૧૫ વિદ્યાર્થીઓ હોય છે. મધ્યાહને સાત્વિક ભોજન પીરસવામાં આવે છે. જીવનવિકાસમાં આહાર અગત્યનો ભાગ ભજવે છે. જેવો અન્ન તેવો ઓડકાર આ કહેવતને ગુરુકુલમ્ માં સુપેરે સાર્થક કરવામાં આવે છે. અહી સાત્વિક ભોજન થી વિદ્યાર્થીઓની પ્રકૃતિ સાત્વિક બનાવવાનું કાર્ય કરવામાં આવે છે. એટલેજ , વિદ્યાર્થીઓ માટે દેશી ગીર ગાયના ઘી- દૂધ, તલનું તેલ, કેમિકલ વગરના ગોળ ખાંડ, તથા રાસાયણિક ખાતર વગર તૈયાર થયેલા અનાજ માંથી બનેલું ભોજન પીરસવામાં આવે છે. અહીંયા ભોજન ચૂલા પર લાકડા અને છાણાં વડે બનાવવામાં આવે છે. આથી, તે સ્વાસ્થ્યવર્ધક હોય છે. ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવતી સામગ્રીની પસંદગી ઋતુ અનુસાર કરવામાં આવે છે, જે તેમના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માં સહાયરૂપ બને છે. આયુર્વેદ અનુસાર, રસોઈ રાંધે પિત્તળ માં, પાણી ઉકાળે તાંબુ, ભોજન કરે જે કાંસા માં, જીવન માણે લાંબુ , આ ઉક્તિને સાર્થક કરતા ગુરુકુલમ્ માં પિત્તળના વાસણોમાં ભોજન રાંધવામાં આવે છે. બાળકો કાંસા ના વાસણોમાં ભોજન ગ્રહણ કરે છે અને તાંબાના વાસણમાં પાણી પીએ છે. આમ, ભોજન તૈયારી અને ભોજન ગ્રહણ પણ આર્ય પરંપરા અનુસાર અનુસરવામાં આવે છે.

ગુરુકુલમ્ માં સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, અંગ્રેજી, વૈદિક ગણિત, ઘડિયા, નામું, પર્યાવરણ, વાસ્તુ શાસ્ત્ર, ધાર્મિક, આયુર્વેદ, જ્યોતિષ શાસ્ત્ર, ઈતિહાસ, ભૂગોળ, સમાન્ય જ્ઞાન જેવા અનેક વિષયોમાં વિદ્યાર્થીઓને પારંગત બનાવવામાં આવે છે. અહી હાર્મોનિયમ, તબલાં, સિતાર, વાયોલિન, સંતૂર, વાંસળી, જલતરંગ જેવા વાદ્યો,

ભરતનાટ્યમ, કથ્થક જેવા નૃત્યો, પાકકળા, ચિત્રકલા, હસ્ત લેખન, રંગોળી, મહેંદી, ગહુલી , કેશકળા, માટીકામ, ભરતગૂંથણ વગેરે જેવી કળાઓ અને કરાટે, પોલ/રોપ મલખમ, માર્શલ આર્ટ, જિમનેસ્ટિક, ઘોડેસવારી, વકતૃત્વ, અક્યુપ્રેશર, વ્યક્તિત્વ વિકાસ, વ્યવસ્થા કળા જેવા કૌશલ્યો વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે.

આર્ય શિક્ષણ વ્યવસ્થામાં માનવજીવનના સોળ સંસ્કારોમાંના એક એવા વિદ્યારંભ સંસ્કાર ની પરંપરાને આદર્શ રાખીને ગુરુકુળમાં નવા પ્રવેશતા બાળકોને વાજતે ગાજતે ઢોલ-નગારા સાથે વરઘોડા સાથે પ્રવેશ કરાવવામાં આવે છે.

આમ, ગુરુકુલમ્ એ વર્તમાન ડિજિટલ યુગમાં પણ શિક્ષણ ક્ષેત્રે આર્ય પરંપરા અને વૈદિક શિક્ષણની સોડમ પ્રસરાવીને સાચા અર્થમાં સમાજની આવનારી પેઢીને રાષ્ટ્ર નિર્માણ અને સમાજ કલ્યાણ માટે સહભાગી થવા માટે તૈયાર કરે છે. આથી જ ગુરુકુલમ્ શિક્ષણ, સંસ્કૃતિ અને કળાનો ત્રિવેણી સંગમ છે.

- મિનેશ પટેલ

# એક નવું ગોદડું

એક જૂનું ગોદડું તો બહુ ખેંચતાણમાં ફાટી ગયું. તો હવે મારે ફરીથી શણગારવુ જ રહ્યું . તો માણો જીજ્ઞા કપુરિયા નિયતીની કલમે ફરી એકવાર ×એક નવું ગોદડું× જે આપણા સૌના પુજનીય દાદાદાદી માટે લખી છે.??



એક નવું ગોદડું

આજના આ લકઝરીયસ જમાનામા સાડલાનું પ્રમાણ બહુ ઓછુ થઈ ગયું છે . તો પછી ગોદડું બનાવી ખોળ સીવવા માટે સાડલો મળશે ક્યાંથી? આજની આ ફેશનેબલ માતાઓને ગોદડું બનાવતા આવડશે? તમારાં ઘરમાં હજી પણ એક એવી વ્યક્તિની હાજરી અવશ્ય હશે જે હજી પણ સુતરાઉ સાડલા પહેરે છે એ છે તમારી દાદી. એ દાદીનાં સાડલામાં તમારાં દાદાની અનેક લાગણી રૂપી પ્રેમ છુપાયેલો હશે,એ સાડલો તમારી દાદીને દાદા તરફથી વાર તહેવારે ઉપહારમાં મળ્યો હશે,એ ગોદડું જેમાં સ્વજનોના કપડાં સાથે લાગણીઓના પ્રવાહ સાથે થરથરતાં હાથે તમારી દાદીએ એનાં ટેભા લીધાં હશે,એની ખોળમાં પણ એમનાં લાડદુલારનાં અનેક સંભારણાં હશે,એ લાગણીઓનો ધોધને ગોદડાંરૂપે તમને ભેટ આપતા દાદાદાદીનાં પ્રેમ અને આશીર્વાદ સાથે એમની અનેક યાદો પણ સંકળાયેલી હશે

એ દાદાદાદી,

જેને તમારાં આગમનની જાણ જગતને ઢોલ નગાડાં સાથે કરી હશે ને પછી આખા ગામમાં જલેબી કે પેડાંની લહાણી કરી હશે,

એ દાદાદાદી,

જેને મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું હશે ને તમને લાડ લડાવવામાં હરખપદુડા થઈ ગયાં હશે,

એ દાદાદાદી,

જેને તમારી સાથે એનું બાળપણ પણ પાછું જીવ્યું હશે ને તમારી કાલીઘેલી ભાષા સાંભળીને મનમાં મલકાતાં પણ હશે,

એ દાદાદાદી,

જેને તમારામાં સંસ્કારના બીજ પણ રોપ્યાં હશે ને સો વર્ષનો થજે એમ કહી દુઃખડા પણ લીધાં હશે,

એ દાદાદાદી,

જેને તમે સાજાંમાંદા થાવ ત્યારે તમારી નજર પણ ઉતારી હશે ને પછી છાનામાના પોતાની આંખમાં આવેલા અશ્રું પણ લૂછી લીધાં હશે,

એ દાદાદાદી,

જેને તમને પારણીયે ઝૂલાવતાં હેતનાં હાલરડાં ગાયા હશે,

તમારી આ લકઝરીયસ લાઈફમાં મૂંજારો સતાવેને મારા વહાલા,ત્યારે

એ દાદાદાદીનાં પ્રેમનું પ્રતિક સમું આ મારું નવું ગોદડું ઓઢીને તો જોજો તમને નીરવ શાંતિનો અહેસાસ અવશ્ય થશે..

જીજ્ઞા કપુરિયા નિયતી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
## સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NG 0078
પ્રકાર - પદ્ય
વિષય - ધર્મ

અલગ અલગ રીતે ધર્મ નું ગઝલમાં આવવું.
દાવ પર પત્ની ? માન્ય ક્યાં છે પણ?
ધર્મ એને મનાય શું પાછો ?
રાખમાંથી જ ઉત્પત્તિ કરનારે શું?
ભિન્ન કો' ધર્મના ગણ બનાવ્યાં હશે!
પંચતત્વો એક સૌમાં, એક ઇશ,
ધર્મ માટે કેમ સૌ લડતાં થયાં ?
રાષ્ટ્ર, ધર્મો, ક્ષેત્ર ને 'શ્વેતા' સમાજ;
માણસાઈનું વિહગ પીડાય છે.
નાત ,રાજ્યો ,ધર્મ ,જૂથો રાજકારણમાં ;
આમ ભાગો પાડવાનું તું રહેવા દે.
શ્વેતા તલાટી

## સબક

લોકો ટોળે વળી જોઇ રહ્યા હતા . ટોળાના ગુણધર્મો ભૂતકાળમાં સમાન રહેલા. વર્તમાનમાં સમાન રહે છે અને ભવિષ્યમાં સમાન રહેશે. તમાશો જોવો. પરંતુ , મદદ ન કરવી. જરૂર જણાય ભીડનો લાભ લઇ હાથની ખંજવાળ શાંત કરવી. ફિર મૌકા મિલે ના મિલે દૌબારા!!

આજથી ત્રીસ વર્ષ પહેલાં મોબાઇલ ન હતા. એટલે ટોળું ક્યાંય આગ લાગી હોય તો મદદ કરવાના બદલે વિડીયો ઉતારવા કે વાયરલ કરવાની ફિરાકમાં ન હોય. કોઇ મરણાસન્ન કે મુર્મુવિષુ મરવા માટે પુલ કે હાઇ રાઇઝ બિલ્ડીંગ પરથી છલાંગ મારી મરવા પ્રયાણ કરે તો બચાવવાના બદલે વિડીયો ઉતારતા ન હતા .જો કે ટોળું કલબલાટ કરે પણ બચાવવા કોઇ માઇનો લાલ આગળ ન આવે!!!

કોઇ મવાલી જેવો શખ્સ કોઇ ગરીબડાને લાત, ઘુંસા, ગડદાપાટુથી પીટી રહ્યો હતો. તેના મોંમાંથી લોહી નીકળતું હતું.હાથપગ પર ઇજાના નિશાન હતા.તે રહેમની ભીખ માંગતો હતો!! કસાઇ અને રહેમ??

એટલામાં એક સુટેડબુટેડ યુવાન ધસી આવ્યો. ટોળાંને બે હાથથી હડસેલતો એ પેલા ગરીબડા નજીક આવ્યો.

યુવાને મવાલીનો કોલર પકડ્યો. તેને પેલા ગરીબડાથી થોડો આઘો કર્યો!!

"તું મને ઓળખછઅ્" મવાલીએ તુમાખી પ્રદર્શિત કરી.

"તું મવાલી લુખ્ખો છું" પેલા યુવાને ઠંડા કલેજે ઘા મારતો હોય તેમ જવાબ આપ્યો!!

"હું વાવોલનો છું . ગોલ બાપુ છું" પેલાએ પોતાનો વરવો પરિચય આપ્યો.

" પહેલી વાત ક્ષત્રિય નબળી કે મજલુમ માણસ પર વાર ન કરે. તું તો બાપુના નામ પર કલંક છે, લાંછન છે.ફરીવાર બાપુ હોવાની વાત કરી કોઇને હેરાન કર્યા છે તો મારા જેવો ભૂંડો કોઇ નથી તે યાદ રાખજે. અહીં ફરીવાર દેખાયો તો ચીરી નાંખીશ. તારે મને જોઇ લેવો હોય, ગાંધીનગરનો કલેકટર ગંગારામ છું. જ્યારે જોવો હોય ત્યારે જોઇ લેજે. ચલ ફૂટ અહીંથીપ"આટલું બોલીને રેડ બિકનવાળી ગાડીમાં વનરાજની માફક બિરાજમાન થઇ ગંગારામ વિદાય થયા.

ઉપસ્થિત જનતા સંમોહન સહ મંત્રમુગ્ધ થઇ કલેકટર સાહેબને જતા નિહાળી રહ્યા!!

ભરત વૈષ્ણવ

-------------------------------

ઓજપાયો
જેટલો છેતરાયો છું,
એટલો વેતરાયો છું
પ્રેમિકાને જતી જોઇ,
કેટલો કતરાયો છું!!
વૃક્ષ જેવી દશા છે,
ભીતર કોતરાયો છું.
મારી ચડતી જોઇને,
જમાનો ઇતરાયો છું .
એણે મિઠાઇ ખાધી,
મા કસમ ઓતરાયો છું !!
પ્રભુના લોચનિયાં જોઇ ,
ભરત બહુ ઓજપાયો છું!!
ભરત વૈષ્ણવ

## અમદાવાદ આર.ટી.ઓ. દ્વારા
## ટ્રાન્સપોર્ટ વાહનોમાં નવી સિરીઝ GJ-01-KT અને મોટર સાયકલમાં નવી સીરીઝ GJ-01-VX ના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન શરૂ થશે

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, સુભાષબ્રિજ, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા. ૦૧ થી૦૩ જુલાઈ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.

ટ્રાન્સપોર્ટ વાહનોમાં નવી સિરીઝ GJ-01-KT અનેમોટર સાયકલમાં નવી સીરીઝ GJ-01-VX ના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શનમાટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://vahan.parivahan.gov.in/fancyપર આગામી તા. ૦૧ થી૦૩ જુલાઈ ૨૦૨૨ના રોજ બપોરે ૪ વાગ્યાસુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનુંરહેશે. ત્યારબાદ તા. ૦૩થી૦૫જુલાઈ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://vahan.parivahan.gov.in/fancyવેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથી સાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

# ગુરૂ વચનામૃત - હરિને જો ખુશ કરવા હોય તો મનમાંથી ઈર્ષ્યા-વેર દૂર કરો



સદગુરૂ માતા સુદિક્ષાજી

મનને નિર્મલ તથા વિશ્વાસી બનાવવાની તથા પોતે પોતાને પૂર્ણરૂપથી પ્રભુને અર્પણ કરી દેવાથી જ સહજ અવસ્થા પ્રાપ્?ત થાય છે..મનના વિકારો આપોઆપ દૂર થઇ જાય છે..જાતપાત તથા ભાષાઓની દિવાલ તૂટી જાય છે અને પછી તમામ પોતાના જ લાગે છે. સુંદર વ્યવહાર અને નેક આચરણ મનની નિર્મળતાથી જ સંભવ છે.અસલી સુગંધ અને સ્વચ્છતા મનની નિર્મલતા..સુંદર વ્યવહાર અને નેક આચરણની સાથે જ આવી શકે છે.મેકઅપના કિંમતી સામાનથી મનુષ્?યનું બાહ્યરૂપ ચમકશે પરંતુ મન ચમકવાનું નથી.

સાચા હૃદયથી તન મન ધન દ્વારા સમર્પિત થવું એ જ સાચી ભક્તિ છે.મનની આદત છે કે તે તમામ ઘટના ઉપર સારી ખોટી ટિપ્?પણી કર્યા કરે છે.સત્સંગ એ મનનો ખોરાક છે.તેના વિના મનમાં કમજોરી આવી જાય છે એટલે આત્મિક શક્તિના માટે સત્સંગ જરૂરી છે.મન વચન કર્મથી એક સમાન રહેનાર જ વિશેષ હોય છે.જો મનને સુંદર બનાવવું છે.આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે.જો અમે ઘૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે.ભક્ત ધન દૌલતથી ભરપુર હોવા છતાં..ખૂબ જ વિદ્વાન હોવા છતાં તે તન..મન..ધનનું કે પોતાની વિદ્વતાનું અભિમાન કરતા ન થા ી . ત ે મ ન ા મ ા ં વિનમ્રભાવ..દાસભાવના ભરેલી હોય છે. જેવી રીતે પક્ષી જે વૃક્ષની ઉપર બેસે છે તેને તે વૃક્ષનાં જ ફળ પ્રાપ્?ત થાય છે,તેવી જ રીતે મનની અવસ્થા પણ તેવી જ હોય છે.જેવી સંગત મળે છે તેવો જ તેના ઉપર પ્રભાવ પડે છે. પરમાત્મા અનેક ગુણોના સ્વામી છે. તેમાંનો એક ગુણ નિર્મલ પાવન છે.મનને નિર્મલ બનાવવા દરેકે પરમાત્માની અનુભૂતિ કરવી જોઇએ. જો મનને સુંદર બનાવવું છે..આ મનને આનંદ પ્રદાન કરવો છે તો અમારે પાપ કર્મોથી બચવાનું છે.જો અમે ઘૃણા અને નફરત જેવા પાપ કર્મોથી મુક્ત છીએ તો અમારા જીવનમાં શાંતિ અવશ્ય આવશે.

મનને નિર્મલ તથા વિશ્વાસી બનાવવાની તથા પોતે પોતાને પૂર્ણરૂપથી પ્રભુને અર્પણ કરી દેવાથી જ સહજ અવસ્થા પ્રાપ્?ત થાય છે..મનના વિકારો આપોઆપ દૂર થઇ જાય છે..જાતપાત તથા ભાષાઓની દિવાલ તૂટી જાય છે અને પછી તમામ પોતાના જ લાગે છે. જે મનુષ્?યના મનમાં નમ્રતા નથી,તેનામાં ગુરૂજ્ઞાન ટકતું નથી. સુંદર વ્યવહાર અને નેક આચરણ મનની નિર્મળતાથી જ સંભવ છે. અસલી સુગંધ અને સ્વચ્છતા મનની નિર્મલતા..સુંદર વ્યવહાર અને નેક આચરણની સાથે જ આવી શકે છે.મેકઅપના કિંમતી સામાનથી મનુષ્?યનું બાહ્યરૂપ ચમકશે પરંતુ મન ચમકવાનું નથી.મનની આદત છે કે તે તમામ ઘટના ઉપર સારી ખોટી ટિપ્?પણી કર્યા કરે છે.

અમે સંસારમાં રહીએ પરંતુ સંસાર અમારા મનમાં ના રહે તેવો પ્રયત્ન કરવો જોઇએ. મન જ મનુષ્?યના બંધન અને મોક્ષનું કારણ છે.વિષયાસક્ત મન બધ્ધ અને નિર્વિષય મન જ મુક્ત માનવામાં આવે છે.

જેને મનને જીતી લીધું છે તેને જગતને જીતી લીધું.મનનો પૂર્ણ નિરોધ કરવામાં વિષયવિહિન મન જ સમર્થ હોય છે.મનની શક્તિ વિશ્રામ નહી,પરંતુ અભ્યાસ છે.જેવી રીતે પ્રાતઃકાળ સૂર્યોદય થતાં જ અધકાર દૂર થઇ જાય છે,તેવી જ રીતે મનની પ્રસન્નતાથી તમામ બાધાઓ શાંત થઇ જાય છે.

મનની ચંચળતા અને જીવનની ક્ષણભંગુરતા સમજીને સત્?સંકલ્પને તત્?કાળ જ પૂરો કરી દેવો કારણ કે કાલનો કોઇ ભરોસો નથી.પ્રતિક્ષણ વિનાશની તરફ જઇ રહેલા જીવનની પ્રત્?યેક ક્ષણનો સદ્ઉપયોગ કરવો જોઇએ.

ભગવાને અતિકૃપા કરીને સુંદર શરીર આપ્યું છે,આ શરીર એ તો ઇશ્વરની થાપણ છે કે જેને સહુને બનાવ્યા છે,મૂરખ માનવ મનનું માનીને વ્યર્થ કષ્?ટ ઉઠાવે છે.ગુરૂદર્શનનું ફળ ઉત્તમ છે જે મનને અતિ પવિત્ર કરે છે.ગુરૂ ચરણોની રજને ધારણ કરવાથી મનના મેલ દૂર થાય છે.

સદગુરૂની મહિમા ગાવાથી કલહ-કલેશ દૂર થાય છે,મનની અંદર નૂર થાય,મનમાં શિતળતા આવે,પત્થરમાં પણ કોમળતા આવે છે,પાપી પણ પાવન થાય છે,અમરત્વની પ્રાપ્?તિ થાય છે.સંતજનોની કૃપાથી ગુરૂની મહિમા ગાવો જેથી જગતની તૃષ્?ણા છૂટે છે. સદગુરૂની કૃપાથી જ મનમાં વિદ્યમાન અજ્ઞાનરૂપી અંધકાર દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે અને આ જ્ઞાનનો પ્રકાશ થતાં તમામ ભૂલો-સંશયો દૂર થાય છે.ક્ષોત્રિય બ્રહ્મનિષ્?ઠ તત્વદર્શી સદગુરૂ વિના પરમાત્માનું જ્ઞાન પ્રાપ્?ત થઇ શકતું નથી.

માનવ જીવનમાં તમામ સમસ્યાઓ..દુઃખો અને તકલીફોનું પ્રમુખ કારણ મન છે,કારણ કે:મનુષ્?યની તમામ ઇન્દ્રિયોમાં મન જ મુખ્ય છે.શરીરને નહી પરંતુ આ પરમ શક્તિને જ નમસ્કાર કરવામાં આવે છે..પરંતુ અહંકાર દૂર થયો છે કે નહી તેની ખબર તો ત્યારે જ પડે છે કે જ્યારે અમે અમારાથી નાની ઉંમરની વ્યક્તિ સમક્ષ પણ નમ્ર ભાવથી શરીરની શ્રેષ્?ઠતાનો ત્યાગ કરીને કણકણમાં વ્યાપક પરમ સત્તાનું રૂપ સમજીને નમસ્કાર કરીએ.નમસ્કારમાં શરીરથી વધુ મનને ઝુકાવવું પડે છે.જ્યારે શરીરમાંથી આત્મા (જીવ) નીકળી જાય છે તો તે શરીરને નમસ્કાર કરવામાં આવતા નથી..સાથે સાથે એ તથ્ય પણ ઉલ્લેખનીય છે કે નમસ્કાર તે જ કરે છે જેનામાં આત્મા છે ! માનવનું શરીર જ પ્રભુ દ્વારા માનવને આપવામાં આવેલ સર્વશ્રેષ્?ઠ ઉપહાર છે..એટલે આ દેહને પ્રભુની અમાનત અને પારકો માલ સમજીને તેનો પ્રયોગ કરવો જોઇએ,એટલે કે દેહમાં પણ આત્મભાવ ના કરવો.મનથી અહંકાર અને અહંકારથી અનેક પ્રકારનાં દુઃખ પેદા થાય છે..કારણ કેઃ મન જેને મારૂં મારૂં કહે છે તે ક્યારેય પોતાનું થતું નથી અને જે પોતાનું છે તેની ખબર નથી.ચલ અચલ સંપત્તિ અને પરીવાર જે દેખાય છે તે સાકાર વસ્તુઓ છાયાની જેમ અસત્ય અને જૂઠી (અસ્તિત્વહીન) છે.પ્રભુની આપેલ આ વસ્તુઓનો પ્રભુની આજ્ઞાથી..પ્રભુના માટે સમર્પિતભાવથી ભોગ કરવાથી અહંકારનો રોગ દૂર થઇ આનંદનો અનુભવ થાય છે.આ તન..મન..ધન તથા તેનાથી પેદા થયેલા સબંધો જેના છે નિર્વિવાદરૂપથી પ્રભુના સમજવા.તન..મન..ધનમાં પોતાપણાનો ત્યાગ અહંકારને ઓછો કરી વિનમ્રતામાં વૃદ્ધિ કરશે. જો તન..મન..ધન જ પોતાનાં નથી તો તેના ઉપર ટકેલા સબંધો અને પદાર્થો આપણા કેવી રીતે હોઇ શકે? કારણ કે આધાર વિના આધારીત રહેતાં નથી. (સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ફાઈવ સ્ટાર હોટેલમાં સરકાર રચાય છે અને જનમેદની સમક્ષ શપથવિધિનો ચમત્કાર થાય છે !

જૂન ૨૦૨૨માં દેશની સ્થિતિ જૂઓ. ગરીબી/બેરોજગારી/મોંઘવારી/મોંઘા શિક્ષણમાં પીસાતા લોકો/રડતી હોસ્પિટલો/સામંતી ભેદભાવ/ત્રાસદાયક શહેરી-ગ્રામીણ જીવન વગેરે મુદ્દાઓ ગાયબ કરવાનો ચમત્કાર વડાપ્રધાન કરી શક્યા છે ! ઉત્તરપ્રદેશના વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદમાંથી શિવલિંગની શોધ તથા તાજમહેલમાં મહાદેવના મંદિરની શોધ કરવાથી જ દેશના બેરોજગારો પોતાનું દર્દ ભૂલી જાય છે ! લોકો પોતાની સમસ્યાઓની પીડા જયકારા કરતા કરતા સહન કરી લે છે !

જાદુગર કાળા રંગનો વધુ ઉપયોગ કરે છે; ભ્રાંતિ ઊભી કરવા બીજી સામગ્રીનો ઉપયોગ કરે છે. વડાપ્રધાને આ રીતરસમનો ઉપયોગ કરીને વાસ્તવિક દુઃખો/સમસ્યાઓને ભૂલવાડવાનો ચમત્કાર કરી શક્યા છે ! કાળા નાણાંથી સ્ન્છની ખરીદી કરીને/સત્તાનું કેસરીયું ગાજર દેખાડીને/ED-CBIનો ડર બતાવીને રાજ્યોની સરકાર ગબડાવી દેવાની મહા-માયાજાળ રચે ત્યારે લોકોને વડાપ્રધાનમાં 'અવતારીપણું'/દિવ્ય-તત્વ' દેખાઈ રહ્યું છે ! દેશના વડાપ્રધાન અને ગૃહપ્રધાન ખુદ કાળા નાણાથી MLAની ખરીદી કરે; તેવું પ્રથમ વખત બન્યું છે; મધ્યપ્રદેશ પછી મહારાષ્ટ્રમાં જાદુગરી ખેલ કરીને ચમત્કાર કરી બતાવ્યો છે ! સવાલ એ છે કે દેશના ૮૫ કરોડ ગરીબ લોકોની ચિંતા કરવાને બદલે વડાપ્રધાનને મહારાષ્ટ્રના અમુક ધારાસભ્યોને ૨,૭૩૨ કિલોમીટર દૂર ગુવાહાટીની Radisson Blu હોટેલમાં શામાટે એકત્ર કર્યા હશે? આ કઈ પ્રકારની દેશસેવા કહેવાય?

જે ચમત્કાર ખુદ ભગવાન ન કરી શક્યા તે વડાપ્રધાન કરી રહ્યા છે ! મોગલ શાસકો સામે રીતસરનું યુદ્ધ છેડ્યું છે. નેહરુ સામે સંગ્રામ છેડ્યો છે. ગોદી મીડિયામાં જયજયકાર થઈ રહ્યો છે ! ફેડરલ સંરચનાને બદલે 'બાદશાહી'ની વાહવાહી થઈ રહી છે ! વડાપ્રધાને બંધારણીય સંસ્થાઓને પાક્કી દરબારી બનાવી દીધી છે ! ફાઈવ સ્ટાર હોટેલમાં સરકાર રચાય છે અને જનમેદની સમક્ષ શપથવિધિનો ચમત્કાર થાય છે !

### શાળાપ્રવેશોત્સવના પ્રથમ દિવસે
# અમદાવાદ જિલ્લાની ૨૪૩ શાળાઓમાં કુલ ૬૯૧૧ બાળકોને ધોરણ–૧માં પ્રવેશ અપાયો

સમગ્ર ગુજરાત રાજયમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૨ઊજવાઈ રહ્યો છે.તા.૨૩, ૨૪ અને ૨૫ જૂન, ૨૦૨૨ દરમિયાન યોજાનારકન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં રાજયના મુખ્યમંત્રીશ્રીથી લઈ ઉચ્ચ અધિકારીશ્રી તેમજ પદાધિકારીશ્રીઓ જોડાયા છે.

અમદાવાદ જિલ્લામાં જિલ્લાની૨૪૩ શાળાઓમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસેકુલ ૬૯૧૧ જેટલા પ્રાથમિક શાળાનાં બાળકોને ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યો.

અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં પ્રથમ દિવસે માનનીય મંત્રીશ્રી પશુપાલન અને ગૌ સંવર્ધન (રાજ્ય કક્ષા) દેવાભાઈ માલમ દ્વારા સાણંદ તાલુકાના ગોરજ, લેખમ્બા અને ફાંગડીની પ્રાથમિક શાળાઓમાં ૧૧૭ ભૂલકાઓને પ્રવેશ કરાવેલ તેમની સાથે સાણંદ વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી કનુભાઈ કરમશીભાઈ પટેલ પણ જોડાઈને કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવમાં સહભાગી બન્યા હતા. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન જિલ્લા પ્રાથિમક શિક્ષણાધિકારીશ્રી એમ.એન.પટેલના માર્ગદર્શન હેઠળયોજાઈ રહ્યો છે.જિલ્લાની અન્ય પ્રાથમિક શાળાઓમાં પણ ઉચ્ચ અધિકારીશ્રીઓ માં ૧ છઝજી ગૃહ વિભાગ, ૮ ઁછજી અધિકારીશ્રી, ૧ઁજી અધિકારીશ્રી, ૨ઁહ્લજી અધિકારીશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી તથા જિલ્લાના અન્ય અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ પણ વિવિધ રૂટોમાં જોડાયા હતા. શાળા પ્રવેશોત્સવમાં શાળા કક્ષાએ ગ્રામજનો, એસ.એમ.સી સભ્યો વગેરે બહોળી સંખ્યામાં જોડાયા હતા અને જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો.

## સમસ્ત મહાજન દ્વારા ૪૦૦ જેટલા ઝુંપડપટ્ટીનાં બાળકોને ચોપડા , બૉલપેન વિતરણ કરાશે.

વૈશ્વીક સ્તરે જળ, જન, જંગલ, જમીન, જનાવરની સુખાકારી માટે કાર્યરત સેવા સંસ્થા 'સમસ્ત મહાજન'નાં મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહનાં માર્ગદર્શનમાં સમસ્ત મહાજન દ્વારા 'શૈક્ષણિક સહાય યોજના' અંતર્ગત પૂર્વ નિર્ધારીત ૪૦૦ જેટલા રાજકોટમાં આવેલ રૈયા ધાર વિસ્તારની ઝુંપડપટ્ટીનાં બાળકોને નિઃશુલ્ક દરેકને પાંચ ચોપડા , બૉલપેન વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યોછે. સમગ્ર આયોજનને ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરિયા, મોહનભાઈ કુંડારિયા, મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી , શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડૉ. પ્રદીપભાઈ ડવ , ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ , લાખાભાઈ સાગઠિયા, રાજકીય અગ્રણીઓ કિશોરભાઈ રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ચંદ્રકાંતભાઈ શેઠ , જ્યોતીન્દ્રભાઈ મહેતા , અમીનેશભાઈ રૂપાણી સહિતના અનેકો અગ્રણીઓની શુભેચ્છા મળી છે. સમગ્ર આયોજન અંગે ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના મેમ્બર અને સમસ્ત મહાજનનાં મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહના માર્ગદર્શમાં મિતલ ખેતાણી, કુમારપાળ શાહ, પ્રતિક સંઘાણી સહીતનાની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

### જિલ્લા વહીવટી તંત્રની 'નઈ રાહ,યુનિક પહેચાન કા યુનિક પ્રયાસ'
# સંપૂર્ણ દિવ્યાંગ બાળકોને તેમની યુનિક ઓળખ સમું આધાર કાર્ડ ઉપલબ્ધ કરાવવાની સંવેદનશીલ ઝુંબેશ 'નઈ રાહ'નો પ્રારંભ કરાવતા જિલ્લા કલેક્ટર શ્રી સંદીપ સાગલે




હવે અમદાવાદ જિલ્લા અને શહેરના દરેક દિવ્યાંગ બાળકની પણ હશે પોતાની અલગ ઓળખ. હવે કોઈ દિવ્યાંગ બાળક નહીં રહે આધાર કાર્ડ વિનાનું... દિવ્યાંગ અને એમાંય સંપૂર્ણ દિવ્યાંગ બાળકો માટે આધાર કાર્ડ કઢાવવાની પ્રક્રિયા મુશ્કેલ અને પડકારભરી હોય છે. સેરેબલ પાલ્સી જેવી બીમારીથી પીડિત બાળકો-દિવ્યાંગોના આધાર કાર્ડ માટે આંગળીઓના નિશાન લેવડાવવા કે પછી રેટિના વેરિફિકેશન કરાવવા જેવી પ્રક્રિયા પડકારરૂપ હોય છે. આવા પડકારોને પરિણામે સંપૂર્ણ દિવ્યાંગ બાળકોના આધાર કાર્ડ નીકળતાં નથી અને તેઓ સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી જવા પામતા હોય છે. જિલ્લા વહીવટી તંત્રે કલેક્ટરશ્રી સંદીપ સાગલેના નેતૃત્વમાં અમદાવાદ જિલ્લામાં કોઈ પણ દિવ્યાંગ વ્યક્તિ આધાર કાર્ડથી વંચિત ન રહે, એ માટે તેમના ઘરે જઈને પણ આધાર કાર્ડ કઢાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સક્રિયતા બતાવી છે.

અમદાવાદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં રહેતા ૪૬થી વધારે સંપૂર્ણ દિવ્યાંગજનોના આધાર કાર્ડ કાઢવાની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'નઈ રાહ, યુનિક પહેચાન કા યુનિક પ્રયાસ' નામની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ યુનિક પ્રયાસ અંતર્ગત અમદાવાદના શહેરી વિસ્તારોમાં સંપૂર્ણ દિવ્યાંગ બાળકોને તેઓ જે સંસ્થા, ક્લિનિક કે સેન્ટર પર સારવાર લેતા હોય ત્યાં આધાર કિટ સાથે પહોંચીને તેમના આધાર કાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ સંવેદનશીલ અને યુનિક પ્રયાસથી દિવ્યાંગ બાળકોના જીવનમાં નવી રાહ સર્જાય, એ માટેનો આ પ્રયાસ છે.'નઈ રાહ , યુનિક પહેચાન કા યુનિક પ્રયાસ' ઝુંબેશના પ્રારંભે જ અમદાવાદના નવરંગપુરામાં આવેલ સ્પર્શ પીડિયાટ્રિક રિહેબિલિટેશન ક્લિનિક ખાતે ૧૭ તો વટવામાં વટવા પોસ્ટ ઑફિસ ખાતે ૨ એમ કુલ ૧૯ સંપૂર્ણ દિવ્યાંગ બાળકોના આધાર કાર્ડ કાઢવા કે તેમાં જરૂરી સુધારા-વધારા કરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. આમ, ઝુંબેશના પ્રથમ દિવસે જ કુલ ૧૯ બાળકોને તેમની યુનિક પહેચાન આપીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુનિક પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રની આ 'નવી રાહ' ઝુંબેશ સમગ્ર દેશને નવો માર્ગ અપનાવવાની પ્રેરણા આપશે, એવી આશા રાખી શકાય.

નવરંગપુરામાં સ્પર્શ પીડિયાટ્રિક રિહેબિલિટેશન ક્લિનિક અને મધુરમ ચેરિટેબલ ટ્રસ્ટ સાથે સંકલન દ્વારા આ ઝુંબેશનો પ્રારંભ કરાવતા જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલેએ જણાવ્યું કે, દિવ્યાંગ બાળકોના રેટીના અને ફિંગર સ્કેનિંગમાં તકલીફ પડતી હોવાથી તેમના માટે આધારકાર્ડ બનાવવાની પ્રક્રિયામાં વધારે સમય લાગતો હોય છે. આ ઉપરાંત, કેટલાક બાળકો વધુ મૂવમેન્ટ કરી શકવા અસક્ષમ હોવાથી તેઓને કેન્દ્ર સુધી લઈ જવા અને સામાન્ય લોકોની જેમ આધાર કાર્ડ કાઢી આપવામાં મુશ્કેલી પડતી હોય છે. આવા બાળકોના માતાપિતા વર્ષોથી ખૂબ જ કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હોય છે. આધારકાર્ડ વિના તેઓને સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં અને અન્ય જાહેર કાર્યો માટે બહુ તકલીફો ભોગવવી પડે છે. આવાં બાળકો અને તેમના માતા-પિતા વર્ષોથી પોતાના બાળકના આરોગ્ય માટે આકરો સંઘર્ષ કરી રહ્યા હોય છે. આથી સરકારી પ્રમાણપત્રો માટે તેમને પડતી મુશ્કેલીઓના નિવારણના ભાગરૂપે તંત્ર દ્વારા 'નઈ રાહ , યુનિક પહેચાન કા યુનિક પ્રયાસ'કેમ્પેઈનનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઝુંબેશ હેઠળ તંત્ર આવા બાળકોને ઓળખીને તેમને એક ચોક્કસ જગ્યાએ એકસાથે બોલાવીને તેમના આધાર કાર્ડ કાઢવા માટેની તમામ પ્રક્રિયા કરી આપશે. આ માટે આધાર કાર્ડ કામગીરી માટેની ટીમ સહિતની તમામ વ્યવસ્થા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવશે. હવેથી જિલ્લા અને શહેરના દરેક દિવ્યાંગ બાળકોને આવનારા દિવસોમાં આધાર કાર્ડ પૂરા પાડવા માટેની કામગીરી ઝડપી બનાવવામાં આવશે. આ સાથે જ તેઓએ નાગરિકોને તેઓની આસપાસ આવાં બાળકો હોય તો તેમની તરફ તંત્રનું ધ્યાન દોરવા વિનંતી કરી.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા બાળકોના માતા પિતાએ પોતાને વર્ષોથી પડી રહેલી મુશ્કેલીઓ વર્ણવી અને સાથે જ જિલ્લા વહીવટી તંત્રનો આ ઝુંબેશ શરૂ કરવા બદલ આભાર માન્યો હતો.

## કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૨-અમદાવાદ જિલ્લો

# શાળા પ્રવેશોત્સવ શિક્ષણ ક્ષેત્રે સૌથી મોટી ક્રાંતિ અને પરિવર્તનનું પ્રતીક બન્યો છે: પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

સમગ્ર ગુજરાત રાજયમાં ગઈકાલથી શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ -૨૦૨૨ અંતર્ગત અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના ગરોડિયા, શેલા અને કાણેટીની પ્રાથમિક શાળાઓમાં પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના નેતૃત્વમાં શાળા પ્રવેશોત્સવ ઊજવાયો હતો.

આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં શાળા મહોત્સવ શરૂ કર્યો હતો. તે સમયે ગુજરાત રાજયની શાળાઓમાં નામાંકન દર ૭૫% હતો. પરંતુ આજે એમના અથાક પ્રયત્નોથી એ દર ૧૦૦% થયો છે. દરેક વાલીઓ તેમના દીકરા-દીકરીઓને ભણાવવા લાગ્યા છે. તેમના સપના પૂર્ણ કરવામાં તેમના ભાગીદાર બન્યા છે. આ બધું જ શક્ય થયું છે આવા અદભુત રીતે યોજાતા પ્રવેશોત્સવ અને સર્વ શિક્ષા અભિયાનને કારણે જે આપણા સૌ માટે ખૂબજ ગર્વની વાત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

શેલા ખાતે બાળકોને સંબોધતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે શાળા પ્રવેશોત્સવ શિક્ષણ ક્ષેત્રે સૌથી મોટી ક્રાંતિ અને પરિવર્તનનું પ્રતીક બન્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શાળામાં મેળવેલા શિક્ષણ અને તાલીમ થકી તેમનો સર્વાંગી વિકાસ તથા જીવન ઘડતર થાય, એ તમામ શિક્ષકો અને વાલીઓ, એમ બંનેની જવાબદારી છે.

વિદ્યાર્થીઓને સારા નરસાનું જ્ઞાન આપી પોતાના પગભર કરે તેમ કહી તેઓએ વિદ્યાર્થીઓ એ શિક્ષકો, વાલી અને સમાજની જવાબદારી છે, તેમ સમજાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દરેક નાગરિકની ફરજ છે કે તે પાણી બચાવે, વીજળી બચાવે, સાથે જ પર્યાવરણનું જતન કરે અને વિદ્યાર્થીઓને પણ જીવન જરૂરિયાતમાં ઉપયોગી સંસાધનો અંગે માહિગાર કરાવવા અને તેમનું મહત્વ સમજાવવું, જેથી આવનારી પેઢીઓને તે પ્રાપ્ત થઈ શકે તેમ તેઓએ જણાવ્યું હતું. સાથેજ તેમણ તમાકુથી થતા કેન્સર જેવા રોગોની વાત પણ કહી હતી. જેથી નાની ઉંમરમાં અભ્યાસ કરતા ધોરણ ૮ - ૯ના વિદ્યાર્થીઓ તમાકુ જેવા પદાર્થોનું સેવન ન કરે અને ખોટા માર્ગે ન જતા રહે, એવી તાકીદ કરી હતી.

સમારંભના અંતમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, પ્રવેશ પામેલ તમામ વિદ્યાર્થીઓ પોતાની શાળા, પરિવાર અને સમાજનું નામ રોશન કરે અને દેશની વિકાસયાત્રામાં ભાગીદાર બને તેવી શુભેચ્છાઓ અને આશીર્વાદ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સાણંદના કાણેટી પ્રાથમિક શાળામાં ધોરણ -૧ માં ૭ કુમાર અને ૯ કન્યા એમ કુલ ૧૬ બાળકોને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો. ગત વર્ષે ધોરણ - ૩ અને ૮માં પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવનાર કુલ ૭ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ આંગણવાડીમાં પ્રવેશ મેળવનાર બાળકોની કુલ સંખ્યા ૩૪ રહી હતી.

તેવી જ રીતે શેલા ગામની પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં કુલ ૫૯ અને ગરોડિયા ગામની પ્રાથમિક શાળામાં કુલ ૧૫ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો. સાથેજ બંને શાળામાં ધોરણ ૩ થી ૮માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા કુલ ૩૮ રહી હતી, જેમને મહાનુભાવાનો હાથે સન્માનવામાં આવ્યા હતા.

ત્રણેય શાળાઓમાં આંગળવાડીમાં પ્રવેશ મેળવનાર બાળકોને સ્કેચબુક, રંગ, અને રમકડાની કીટ તથા ધોરણ ૯ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને નોટબુક અને સ્વાધ્યાયપોથીની કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય, શિક્ષકો, ગામના સરપંચશ્રી, ગામના તલાટી અને વાલીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મિતેષ સોલંકી




એક યાદગાર પ્રસંગ જેમાં મહેસાણા થી U.Y.B ટીમ ના અધ્યક્ષ જતીનભાઈ રાવલના બાબા ના જન્મ નિમિત્તે સમગ્ર પરિવાર લક્ઝરી બસ દ્વારકા દર્શને જતા હતા અને પાછા ફરતા લક્ઝરી બગડતા એક જિંદાદિલ યુવા સરપંચની કોઈપણ જાતની ઓળખાણ વગર સેવા કરનાર બકુલભાઈ સાનિયા ભરવાડ કે જે ઓ રાજકોટ જિલ્લા ના ખામટા ગામ ખાતે સરપંચ છે.દ્વારકા થી ચોટીલા તરફ આવતા ખામટા ગામથી આશરે બે કિલોમીટર જેવી અમારી ફેમિલીની લક્ઝરી બસ એક મેન્ટેનન્સ પ્રોબ્લેમ ના કારણે પાંચ કલાક જેવી બંધ રહી.એ દરમિયાન ખામટા ગામના સરપંચ શ્રી બકુલભાઈ સાનિયા ભરવાડ કોઈપણ જાતની અમારી એમના સાથે ઓળખાણ ના હોવા છતાં તમામ પ્રકારની સગવડ અમને પૂરી પાડેલી એ બદલ આપ શ્રી નો ખુબ ખુબ આભાર માની રાવલ પરિવાર તરફથી શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. ગુજરાતને તમારા જેવા યુવા સરપંચ અને જેમનો ધર્મ ફક્ત સેવા છે આવા સરપંચ અને યુવા લીડર ગુજરાત ને જરૂર છે તમારી સેવા ને સો સો સલામ.

રાવલ પરિવાર

# છાપી પંચાયતના ઈતિહાસ માં સૌપ્રથમવાર મફત આયુર્વેદ અને હોમિયોપેથીક નિદાન કેમ્પ યોજાયો



(બનાસકાંઠા સમાચાર)

વડગામ તાલુકાના છાપી ખાતે સરપંચ નીતાબેન મુકેશભાઈ પટેલ અનેપંચાયત સભ્યો તેમજ નિયામક શ્રી આયુષ ની કચેરી ગાંધીનગર સંચાલિત સરકારી આયુર્વેદ હોસ્પિટલ વડગામ દ્વારા મફત આયુર્વેદ અને હોમિયોપેથીક નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું અગાઉ ગામખાતે જાહેરાત કરી આજરોજ છાપી પ્રાથમિક સ્કુલ પાસે આવેલ કોમ્યુનિટી હોલ ખાતે કેમ્પ ખુલ્લો મુકાયો હતો જેમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલ ના નિષ્ણાંત અને વિશેષ અનુભવી ડોક્ટરો દ્વારા નિદાન અને સેવા આપવામાં આવી હતી આ કેમ્પમાં ડાયાબિટીસ, બ્લડપ્રેશર,કોરોના રોગના ઉપદ્રવો,જીર્ણજવર,શ્વાસ, કબજીયાત,આંખોના રોગ,દાંત રોગ,પથરી,વાઈ,બાળ રોગ,સ્ત્રી રોગ,નપુંસકતા, શ્વેતપ્રદર,સાંધાના દર્દો,લકવો,મસા તેમજ અન્ય જુના અસાધ્ય દર્દો ની આયુર્વેદ તેમજ હોમિયોપેથીક દવાઓ કરી દર્દીઓને સારવાર આપવામાં આવી હતી જેમાં ડો.જીતેન્દ્ર પ્રજાપતિ(M.S.AYU)રેસીડેન્ટ મેડીકલ ઓફીસર, ડો.ઈદ્રીશ મન્સુરી(B.S.A.M)EX જીલ્લા આયુર્વેદ અધિકારી બનાસકાંઠા ,ડો.નિમિષા પટેલ (B.S.A.M)હોમિયોપેથીક મેડિકલ ઓફિસર, ડો.એન.વી.પરમાર(B.S.A.M)યોગ નિષ્ણાત તેમજ છાપી ગ્રામપંચાયત ના સરપંચ તેમજ તેમના પતિ મૂકેશભાઈ પટેલ,પ્રકાશ પટેલ,મેહુલભાઈ મહેશ્ર્વરી,જયેશભાઈ મહેશ્ર્વરી તેમજ પંચાયત સભ્યો અને ગામલોકો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતાં અને બિમારી થી પિડાતા અનેક લોકોએ આ કેમ્પનો લાભ લઈ પંચાયત ને આ પ્રકારનો કેમ્પ કરવા બદલ આભાર વ્યક્ત કર્યા હતો...

# પંચમહાલની સુખી જળાશય યોજનાના નવ કામદારોને ૨૩ વર્ષ બાદ ન્યાય મળતા પરિવારમાં આનંદ ઉલ્લાસ

પંચમહાલ જિલ્લા ના જાંબુઘોડા માં સુખી જળાશય યોજનામા વર્ષોથી એટલે કે વર્ષ૧૯૯૨ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા છત્રસિંહ બારીયા ગોપાલ બારીયા હીરા ભાઈ બારીયા કરસન ભાઈ બારીયા નટુ ભાઈ બારીયા પર્વત ભાઈ બારીયા વેચાતભાઇ બારીયા સોમાભાઈ બારીયા તથા વિઠ્ઠલભાઈ બારીયા વિગેરેને જે તે અધિકારીઓએ કોઈપણ જાતના વ્યાજબી કારણો સિવાય લાંબા સમયની નોકરી માંથી વર્ષ વર્ષ ૧૯૯૮માં છૂટા કર્યા હતા કામદારો ને કચેરીના અધિકારીઓએ કામ શરૂ થયેલ છે ફરી બોલાવવામાં આવશે તેમ જણાવી લાંબા સમય સુધી નોકરી ઉપર રાખેલ ન હતા જેને લઈ ગરીબ અને આદિવાસી કામદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરી વર્ષ ૨૦૦૦ માં નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ પડેલા દિવસોના પગાર સાથે મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કેસ દાખલ કરેલ જે કેશો ચાલીતા અરજદારો તરફે પેનલ એડવોકેટ સંતોષ ભોઈ તથા વૈભવ ભોઈ હાજર રહી દલીલો કરેલ જે ધ્યાને લઈ મજુર અદાલત ગોધરા દ્વારા આ ૯ કામદારોને કામદારોને નોકરી અને પડેલા દિવસ પગાર પેટે રકમ ઉચ્ચક રકમ ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવ્યો જે હુકમથી અરજદારો નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એડવોકેટ દિપક આર દવે દ્વારા વ્યક્તિગત રીતે એસ.સી.એ દાખલ કરેલ જે ચાલી જતા નામદાર હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.એસ સુપેયા સાહેબે આ ૯ અરજદારો પૈકી ચાર અરજદારો તેમની નોકરી ની મૂળ જગ્યાએ પ્રસ્થાપિત કરી સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રનોઆપવાનો તથા બાકી પાંચ કામદારોને નિવૃત્તિનો સમય ગાળો ગણી

નિવૃત્તિ ને લગતા તમામ લાભ જેવા કે પેન્શન ગ્રેજ્યુટી રજાઓ તથા પાચ છઠ્ઠા અને સાતમા પગાર પંચ મુજબ ગણતરી કરી પગાર પગાર તફાવત અને તમામ પ્રકારના લાભો આપવા આદેશ જારી કરેલ પરંતુ સંસ્થા તરફથી તેનો અમલ કરવામાં સરકારી અધિકારીઓ નિષ્ફળ જતા આ કામદારો એ કોર્ટના હુકમના અનાદર બદલ સામાવાળા વિરુદ્ધ કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરેલ ત્યારબાદ ફરીવાર નામદાર અદાલતે આ નવ કામદારોના હુકમનું સત્વરે પાલન કરવા આદેશ કરેલ તે મુજબ ચાર કામદારોને તાત્કાલિક અસરથી તારીખ ૨૧/૬/૨૨ ના રોજથી નોકરી પર હાજર કરવામાં આવેલા છે અને બાકી પાંચ કામદારોને નિવૃત્તિના તમામ લાભો તથા મળવાપાત્ર પગાર પંચના તફાવતની રકમ ચૂકવી આપવા અંગેની સરકારશ્રી તરફથી કાર્યવાહી હાથ ધરવામાં આવેલી છે જેને લઇ ગરીબ અને આદિવાસી કામદારો અને તેમના પરિવારમાં આનંદ છવાયો છે

પ્રમુખશ્રી ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન

અંબાલાલ એસ. ભોઈ

કાલોલ પંચ

# વૃદ્ધાશ્રમના વડિલો સાથે પિતૃ શકિતની મહિમા વધારતો ફાધર્સ ડે સીટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ ખાતે ઉજવાયો



હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ ,ગુજરાત સંગીત નાટક અકાદમી અને સપ્તા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે શહેર ના સીટીગોલ્ડ મલ્ટીપ્લેક્સ ખાતે 'પપ્પા મારા , પારસમણી ' કાર્યક્રમ યોજાયો હતો.

પારિવારીક મુલ્યોને જાળવી રાખવાના ઉદેશ્ય સાથે કરાયેલ આ ઉજવણીમાં ભારતીય પરંપરા પ્રમાણે વડિલોનું કંકુ ચોખા સાથે સ્વાગત કરી તેમને ગુલાબ નું ફુલ ભેટ આપાયુ હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ પ્રખ્યાત લોકસાહિત્યકાર શ્રી સુખદેવ ગઢવી દ્વારા પ્રસ્તુત

સાંસ્કૃતિક ડાયરો હતો જેની રજુઆત કર્ણ પ્રિય સુર , શબ્દ , સંગીત ના તાલે થઈ.

કાર્યક્રમના સંયોજક મનીષા શર્મા એ જણાવ્યું હતું કે ફાધર્સ ડે વિદેશી સંસ્કૃતી ની ઉજવણી છે પરંતુ પિતૃ પુજનનો કોઇ પણ મોકો શા માટે જતો કરવો જોઇએ ના વિચાર સાથે અમે વૃદ્ધાશ્રમ ના વડિલો અને અમારા કુટુંબી જનો સાથે આ ઉત્સવ ઉજવાનું નક્કી કર્યુ 'કાર્યક્રમમાં પધારેલ સૌને તુલસીના છોડ ભેટ રુપે અપાયા હતા. સીટી ગોલ્ડના સીઈઓ

પાયલ અગ્રવાલે જણાવ્યું હતુ કે ફાધર્સ ડે એટલે પિતા દિવસની ઉજવણી પિતૃત્વ, પિતૃત્વના બંધન અને સમાજમાં પિતાની ભૂમિકાનું સન્માન કરવાનો ઉત્સવ છે. ફાધર્સ ડે તેમના પોતાના પરિવારો અને સમાજમાં પિતાના યોગદાનને સ્વીકારે છે અને તેની ઉજવણી કરે છે.આ દિવસે, બાળકોને તેમના પિતા અને પિતા સમાન અસ્તિત્વોની પ્રશંસા કરવાની તક મળે છે. ખ્યાતનામ ડોક્ટર નિતિન સુમંત શાહે કાર્યક્રમ ના મુખ્ય અતિથિનું પદ દિપાવ્યુ હતું. રવિન્દ્ર મરડિયા,કુસુમ કૌલ વ્યાસ,સોનલ ગોસાલિયા,ચિમનલાલ અગ્રવાલ,દિલીપ ભાઈ શિલગા,વૈકુંઠભાઇ ચૌહાણ,પ્રશાંત ગઢવી વગેરે મહાનુભાવો હાજર રહ્યા હતા

## શાળા એ બાળકના સંસ્કારનુ પહેલુ પગથિયુ - શ્રીમતી અનિતા ઝુલા

# કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સચિવ શ્રીમતી અનિતા ઝુલાએ ડાંગમા વિદ્યા સંસ્કારનો પ્રારંભ કરાવ્યો

આહવા : તા : ૨૪ : રાજય સમસ્તની જેમ ડાંગ જિલ્લામા પણ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થયો છે. જિલ્લાના તમામ વિસ્તારમા રાજયકક્ષાના મંત્રીશ્રી, સચિવશ્રી, તેમજ સ્થાનિક વહીવટી તંત્ર અને જિલ્લા/તાલુકાના પદાધિકારીઓ દ્વારા 'શાળા પ્રવેશોત્સવ' નો પ્રારંભ કરવામા આવ્યો છે.



જીવનની શરૂઆત ઘરથી થાય છે, તેવી જ રીતના નવા જીવનના શિક્ષણની શરૂઆત શાળાથી થાય છે. ત્યારે પહેલા ધોરણ તેમજ આંગણવાડીમા પ્રવેશ મેળવનાર બાળકોને શાળામા વિદ્યા સંસ્કારનો પ્રારંભ કરાવાઈ રહ્યો છે.

જિલ્લાના શામગહાન, જોગબારી, અને ગોટિયામાળ પ્રાથમિક શાળામા કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સચિવ શ્રીમતી અનિતા ઝુલાએ 'શાળા પ્રવેશોત્સવ'નો પ્રારંભ કરાવતા ૫૧ બાળકોનુ નામાંકન કરાવ્યુ હતુ. આ પ્રસંગે સચિવ શ્રીમતી ઝુલાએ જણાવ્યુ હતુ કે, શાળા એ બાળકના સંસ્કારનુ પહેલું પગથિયુ છે. શાળામા કન્યા કેળવણીને મહત્વ આપવુ જરૂરી છે. મહિલાઓ સશક્ત છે. તેઓને મુખ્ય ધારામા લાવવી જરૂરી છે. મહિલાઓ ધારે તો તેઓ દરેક ક્ષેત્રમા આગળ આવી શકે છે.

શામગહાન શાળામા ૩ થી ૮ ધોરણમા પ્રથમ ક્રમાંકે સૌથી વધુ કન્યાઓ આવી હતી. સચિવશ્રીએ તેમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમ માટે તેમણે રાજ્ય સરકારનો આભર વ્યક્ત કર્યો હતો. 'શાળા પ્રવેશોત્સવ' બાદ વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજાયો હતો. શ્રીમતી ઝુલાએ વર્ગખંડમા શાળાના બાળકો સાથે મુલાકાત કરી હતી. 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમ પ્રસંગે ડાંગ જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કેતનભાઇ મહાલા, સી.આર.સી કૉ. શ્રી દેવરામભાઈ ઠાકરે, સરપંચ, ગામના આગેવાનો, શિક્ષકગણ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર,ડાંગ

## જંત્રાખડી ઘટના પુ.મોરારાબાપુએ વખોડી

# દિકરીને ન્યાયનો અનુરોધ ૨૬-૬ના રોજ જંત્રાખડીની મુલાકાતનો બાપુનો મનસુબો

બદ્રિનાથ

ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર તાલુકામાં જંત્રાખડી ગામમાં એક કુમળી આઠ વર્ષની બાળા પર બનેલી દુષ્કર્મ,હત્યાની ઘટનાથી સમગ્ર ત્રિપાંખ સાધુ સમાજ સ્તબ્ધ થઈ ગયો છે. સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તે માટેનો રોષ પ્રગટ કરવામાં આવી રહ્યોં છે.

ત્રિપાંખ સાધુ સમાજની લાગણીને પ્રગટ કરતાં આજે પુ. મોરારીબાપુએ બદ્રીનાથની ×માનસ વ્યાસગુફા× કથાના છઠ્ઠા દિવસે જણાવ્યું કે હું ઘણાં બધાં સમયથી લગભગ ૧૨ તારીખથી યાત્રામાં છું.હાલ બદ્રીનાથ ખાતે કથામાં છું.તેથી મને હમણાં જ જાણ થઈ કે દશનામ સાધુ સમાજની દિકરી સાથે આવી ઘટના ઘટી.આવી નિર્મમ ઘટનાને કોઈ અસુરોએ અંજામ આપ્યો છે તેથી આ જાણીને ખૂબ દુઃખ થયું.હું તેથી વ્યથિત થયો છું.દશનામ ગોસ્વામી સાધુ સમાજના અગ્રણીઓ સાથે મેં મારી પીડા વ્યક્ત કરી જણાવ્યું છે કે આવા બનાવોમાં સખ્ત સજા થાય, દિકરીને જે તે સંબંધિત સંસ્થાઓ દ્વારા ન્યાય મળવો જોઈએ.પુ.બાપુએ ઉમેર્યું કે જો મૌસમ વગેરેની અનુકૂળતા રહેશે તો મારી ઈચ્છા છે કે કથા સમાપનના દિવસે તા.૨૬-૬ ને રવિવારે હું અહિંથી સીધો આ જંત્રાખડી ગામમાં આ દિકરીની સમાધિના દર્શને જઈશ.પુ.મોરારિબાપુએ ત્રિપાખ સાધુ સમાજ ને સત્યમ શિવમ સુંદરમ્ કહ્યો છે. પુ.મોરારિબાપુએ ભોગ બનનાર દશનામ સાધુ સમાજના તે બાપુ સાથે ટેલીફોનીક વાત કરી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા.સમાજમા આવી ઘટનાઓ માટે દુઃખ વ્યક્ત કરી બાપુએ પોતાનો કરુણા ભાવ પ્રગટ કર્યો.

# જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનવૃતાંત અંગે પ્રદેશ ભાજપા સહ પ્રવકતાશ્રી ડૉ. ઋત્વિજ પટેલની વિશેષ ઉપસ્થિતમાં વ્યાખ્યાન યોજાયું.



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૨૩ જૂન ૨૦૨૨, ગુરુવારે પ્રખર રાષ્ટ્રવાદી નેતા, મહાન ચિંતક, વિચારક તેમજ જનસંઘના સંસ્થાપક, પરમ શ્રદ્ધેય ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિ બલિદાન દિવસ નિમિત્તે પ્રદેશ ભાજપા સહ પ્રવકતાશ્રી ડૉ. ઋત્વિજ પટેલની વિશેષ ઉપસ્થિતમાં ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનવૃતાંત અંગે વ્યાખ્યાન યોજાયું હતું.

આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ડૉ. ઋત્વિજ પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, જનસંઘના સંસ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ દેશની એકતા-અખંડીતતા માટે પોતાનું જીવન ન્યોછાવર કર્યું, ભૂતકાળની કોંગ્રેસ સરકાર દ્વારા વોટબેંકની રાજનીતિના કારણે કલમ ૩૭૦ અને ૩૫એ અમલમાં મુકતા તેની આડમાં કાશ્મીરમાં આતંકવાદ, ભ્રષ્ટાચાર ફુલ્યો ફાલ્યો, હિંદુઓનું કત્લેઆમ કરવામાં આવ્યું, દેશ આઝાદ બન્યો હોવા છતાં જમ્મુ અને કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ ન બની શક્યું. આવા સમયે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીએ એક દેશમે દો વિધાન, દો નિશાન, દો પ્રધાનના બુલંદ નારા સાથ ; લડત આપવાની શરૂ કરી, જવાહરલાલ નહેરુ અને શેખ અબ્દુલ્લા સહિતના નેતાઓ દ્વારા આંદોલનને કચડવાનો પ્રયાસ કરાયો. તેમના જમ્મુ કાશ્મીર પ્રવેશ બાદ તેમની ધરપકડ કરવામાં આવી અને શંકાસ્પદ હાલતમાં તેમનું મૃત્યુ થયું. તેમના કાશ્મીરને ભારતનું અવિભાજય અંગ બનાવવાના સંકલ્પને જ કારણે આપણે સૌ કહીએ છીએ કે, જહાં હુએ બલિદાન મુખર્જી, વો કાશ્મીર હમારા હૈ જો કાશ્મીર હમારા હૈ વો સારે કા સારા હૈ. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી અને તેમના જેવા અનેક મહાનુભાવો, જનસંઘના કાર્યકર્તાઓના ત્યાગ, બલિદાન, કઠોર પરિશ્રમના ફળસ્વરૂપ આજે ભાજપા વિશાળ વટવૃક્ષ બન્યું છે, ભાજપા ૨ બેઠકોથી ૩૦૩ બેઠકો સુધી પહોંચી શક્યું છે. શ્રી ઋત્વિજ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતીના બે પનોતા પુત્રો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહે મજબૂત રાજકીય ઈચ્છાશક્તિ દાખવી જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને ૩૫એ નું નિર્મૂલન કરી ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ૩૨ વર્ષની યુવા વયે કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ બન્યા અને સંસ્થાને દેશમાં સર્વશ્રેષ્ઠ બનાવવા માટે તેઓ કાર્યરત રહ્યા. બંગાળમાં હિન્દૂ સમાજ સાથે થઈ રહેલ અત્યાચાર સામેં તેમણે અવાજ ઉઠાવ્યો. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને દેશની એકતા માટે રાજકીય જીવનમાં પ્રવેશેલા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીનું જીવન અંત્યત પ્રેરણાદાયી છે.

શ્રી ઋત્વિજ પટેલે જણાવ્યું હતું કે, ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશના પ્રધાનમંત્રી અને કોંગ્રેસના નેતા ઈન્દિરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી બંધારણ અને લોકતંત્રની હત્યા કરી અને દેશના ઈતિહાસનો કાળો અધ્યાય લખ્યો. દેશમાં જનસંઘના આગેવાનો સહિત સરકાર સામે અવાજ ઉઠાવનાર, સત્ય ઉજાગર કરવાનો પ્રયાસ કરનાર અસંખ્ય નાગરિકોની ધરપકડ કરવામાં આવી. ૨૫ જૂન ૧૯૭૫ના કટોકટી લદાયાના કાળા દિવસ ને આપણે ક્યારેય ભૂલવો ન જોઈએ, આગામી પેઢીઓને ચોક્કસપણે જણાવવું જોઈએ તેમજ કટોકટી સમયે વેશપલટો કરી અમાનુષી અત્યાચારની હકીકત જનતા સુધી પહોંચાડવાની જવાબદારી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નિભાવી હતી. કટોકટીના સંદર્ભમાં તેમના દ્વારા લિખિત સંઘર્ષમાં ગુજરાત પુસ્તકનું વાંચન કરવા ડૉ. ઋત્વિજ પટેલે સૌને અપીલ કરી હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ સહ પ્રવકતા ડૉ.ઋત્વિજ પટેલ, મહાનગરના પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, દંડક તેજલબેન નાયિ, શ્રી એચ.એમ.પટેલ, યુવા મોરચા પ્રભારી ડૉ. નિસર્ગ વ્યાસ, સંગઠનના પદાધિકારીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટે સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કાર્યક્રમ સંચાલન અને ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ આભરદર્શન કર્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK